dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 270 | AD - 2026, Jeth Vad -07 | Monday, Dt. 06-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અનેક શહેરોમાં ઘરોમાં પાણી ઘૂસતા લોકોની ઘરવખરી અને ચીજવસ્તુઓને ભારે નુકસાન

# રાજ્યમાં ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત, નદી-ડેમોમાં નવા નીરની આવક

અમદાવાદ, તા. ૦૫

રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદને કારણે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. સતત વરસેલા વરસાદના કારણે નદીઓ અને ડેમોમાં નવા નીરની નોંધપાત્ર આવક થઈ છે, જ્યારે અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં માર્ગો ધોવાઈ જતાં ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક પણ ખોરવાયો છે.

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ભારે વરસાદને કારણે અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા છે. વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં ઘરવખરી અને દૈનિક ઉપયોગની ચીજવસ્તુઓને નુકસાન પહોંચ્યું છે. સનખડા ગામનો મુખ્ય માર્ગ ધોવાઈ જતાં તેમજ માલણ નજીક ખત્રીવાડાને જોડતો રસ્તો તૂટી પડતાં બંને ગામો વચ્ચેનો સંપર્ક ખોરવાઈ ગયો છે. સલામતીના હેતુસર તંત્ર દ્વારા આ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

જૂનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારમાં પણ ભારે વરસાદને પગલે ફરી એકવાર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અનેક ગામોમાં ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં અનાજ અને ઘરવખરીને નુકસાન



થયું છે. સ્થાનિક લોકોએ રાહત કામગીરીમાં ઝડપ લાવવા તેમજ વરસાદી પાણીના કાયમી નિકાલ માટે અસરકારક આયોજન કરવાની માંગ સાથે તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો છે.

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ભારે વરસાદના કારણે ધારપીપળા રોડ, ગાયત્રી સોસાયટી, માર્કેટિંગ યાર્ડ અને બસ સ્ટેશન આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોએ પ્રિ-મોન્સૂન કામગીરી નિષ્ફળ ગઈ હોવાનો આક્ષેપ કરીને વરસાદી પાણીના નિકાલ માટે કાયમી વ્યવસ્થા કરવાની માંગ ઉઠાવી છે. ભારે વરસાદને કારણે રસ્તાઓ બંધ થવાને કારણે દ્વારકાથી કોડીનાર તરફ જઈ રહેલી આશરે ૧૮ જેટલી એસટી બસો માર્ગમાં જ અટવાઈ પડી હતી, જેમાં અંદાજે ૯૦૦ જેટલા મુસાફરો સવાર હતા. આ તમામ અટવાયેલા ૯૦૦ મુસાફરોને તંત્ર દ્વારા મક્તુમપુર સાયક્લોન શેલ્ટર ખાતે સુરક્ષિત આશ્રય આપી રાત્રિ રોકાણ કરાવવામાં આવ્યું હતું અને તેમના માટે ચા-પાણી તેમજ ગરમ નાસ્તાની યોગ્ય વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

માંગરોળ,કેશોદ, માળીયા હાટીના, વંથલી સહિતના ગામોમાં સતત વરસી રહેલા વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ખેતરોમાં પાણી ભરાયા છે તો શેરીઓમાં હોડીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વરસાદ બાદ હવે રોગચાળાની પણ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.

# મુંબઈમાં સતત વરસાદથી વૃક્ષો ધરાશાયી થતા બે લોકોના મોત

મુંબઈ, તા. ૦૫

મુંબઈમાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે વૃક્ષો ધરાશાયી થવાની બે અલગ-અલગ દુર્ઘટનાઓમાં બે લોકોના મોત થયા છે. કુર્લા વિસ્તારમાં વૃક્ષ પડતાં ૬૩ વર્ષીય યુનુસ કુંડાવાલાનું મૃત્યુ થયું હતું, જ્યારે આરે કોલોનીમાં બાઈક પર જઈ રહેલા ૧૮ વર્ષીય હસન રઝા જહાંગીર અલી સૈયદનું પણ વૃક્ષની ભારે ડાળી પડતાં ઘટનાસ્થળે જ મોત થયું હતું. કુર્લાની ઘટનામાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. મનસેના નેતા મહેન્દ્ર ભાનુશાળીએ બીએમસી પર બેદરકારીના ગંભીર આરોપો લગાવ્યા છે અને પક્ષના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી છે. બીજી તરફ, ઘટનાસ્થળની મુલાકાતે પહોંચેલા બીએમસી આરોગ્ય સમિતિના અધ્યક્ષે જણાવ્યું કે જોખમી વૃક્ષો દૂર કરવા માટે અગાઉ પણ વહીવટી તંત્રને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય કાર્યવાહી થઈ નહોતી. તેમણે સમગ્ર મામલે તપાસ બાદ જવાબદારો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

# ગૌતમ અદાણી સામેનો કેસ રદ કરવાની અરજીનો યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે કર્યો બચાવ

નવી દિલ્હી, તા.૦૫

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (DOJ)એ ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને અન્ય સાત આરોપીઓ સામે દાખલ કરાયેલા ફોજદારી કેસને કાયમી ધોરણે રદ કરવાની પોતાની અરજીનો ફેડરલ કોર્ટમાં મજબૂત બચાવ કર્યો છે. વિભાગે દલીલ કરી છે કે આ કેસ કાયદાકીય રીતે ખામીયુક્ત, રાજદ્વારી રીતે પ્રતિકૂળ અને ટ્રમ્પ વહીવટીતંત્રની અમલીકરણ પ્રાથમિકતાઓ સાથે સુસંગત નથી. ડીઓજે દ્વારા દાખલ



કરાયેલા ૧૦ પાનાના સોગંદનામામાં જણાવાયું છે કે આ કેસ સંપૂર્ણપણે ભારતમાં થયેલી કથિત પ્રવૃત્તિઓ પર આધારિત છે અને તેનો અમેરિકા સાથે સીધો સંબંધ નથી. પ્રિન્સિપલ એસોસિયેટ ડેપ્યુટી એટર્ની જનરલ આર. ટ્રેન્ટ મેકકોટરે જણાવ્યું કે અમેરિકાએ અન્ય દેશોના આંતરિક મામલાઓમાં અનાવશ્યક દખલ ન કરવી જોઈએ, કારણ કે તેનાથી રાજદ્વારી તણાવ ઊભો થઈ શકે છે. સોગંદનામામાં વધુમાં જણાવાયું છે કે ભારતે આ મામલે તપાસ કરીને કોઈ કાર્યવાહી લાયક અનિયમિતતા મળી ન હોવાનું નોંધ્યું છે. સંબંધિત સિક્યોરિટીઝમાં રોકાણકારોને કોઈ નાણાકીય નુકસાન થયું નથી અને બોન્ડની ચુકવણી પણ નિયમિત રીતે થઈ રહી છે.

ડીઓજેનું કહેવું છે કે કેસના મોટાભાગના પુરાવા અને મુખ્ય સાક્ષીઓ ભારતમાં હોવાથી કાર્યવાહી આગળ વધારવી વ્યવહારુ નથી. ઉપરાંત તમામ આરોપીઓ વિદેશી નાગરિકો હોવાથી તેમની કોર્ટમાં હાજરીની શક્યતા પણ ઓછી છે. વિભાગે કોર્ટને અપીલ કરી છે કે સરકારના વિવેકાધિકાર હેઠળ લેવામાં આવેલા કેસ રદ કરવાના નિર્ણયમાં ન્યાયિક દખલ ન કરવી જોઈએ અને તમામ આરોપોને કાયમી ધોરણે રદ કરવા મંજૂરી આપવી જોઈએ.





## રામમંદિર દાન કૌભાંડના પાપીને સજા થવી જોઈએ : મોહન ભાગવત



નાગપુર,તા.૦૫

અયોધ્યા રામ મંદિરની દાનપેટીમાંથી થયેલી ચોરી અંગે ઈજીજી વડા મોહન ભાગવતે કડક વલણ અપનાવતા ગુનેગારોને કડક સજા કરવાની માંગ કરી છે. આ કૌભાંડ બાદ જીૅ તપાસ શરૂ થતાં ટ્રસ્ટના ચંપત રાય અને અનિલ મિશ્રાએ રાજીનામું આપ્યું છે. બીજી તરફ, નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન ભાગવતે નવી પેઢીના માનસિક સ્વાસ્થ્ય, ડિપ્રેશન અને વધતા સ્ક્રીન ટાઈમ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વાલીઓની વ્યસ્તતા અને કૌટુંબિક માર્ગદર્શનના અભાવને આ માટે જવાબદાર ગણાવી, પશ્ચિમી વિચારોના બદલે 'યોગ વશિષ્ઠ' અને 'પતંજલિ યોગ સૂત્ર' જેવા પ્રાચીન ભારતીય જ્ઞાન આધારિત મનોવિજ્ઞાન અપનાવવા હાકલ કરી છે.



# સાવરકુંડલા નગરપાલિકાના ચાલતા વિકાસકાર્યોની સમીક્ષા કરાવામાં આવી

અમરેલી,તા.૦૫

સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરવા માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન શહેરમાં માર્ગો, ડ્રેનેજ, પીવાના



પાણી, સ્વચ્છતા, સ્ટ્રીટલાઈટ તેમજ અન્ય નગરસુવિધા સંબંધિત વિકાસકાર્યોની પ્રગતિ અંગે વિભાગવાર સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓ પાસેથી ચાલી રહેલા કામોની વિગતવાર માહિતી મેળવી કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે અને તમામ કામો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ યોજનાઓના અમલીકરણમાં કોઈ વિલંબ ન થાય તેમજ નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે અધિકારીઓને જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યા હતા.

**એક ડોકટરની બદલી સુરત મુકામે થતા જગ્યા ખાલી પડી**

# બગસરા પંથકની ૧ લાખ જનતાની આરોગ્ય જવાબદારી માત્ર એક ડોકટરના શીરે

બગસરા,તા.૦૫

બગસરા સરકારી દવાખાનામાં એક ડોકટરની બદલી સુરત મુકામે થઈ ગયા બાદ હવે સમગ્ર તાલુકાની જનતાની આરોગ્ય જવાબદારી માત્ર એક ડોકટરના શીરે આવી પડી છે જેથી આરોગ્ય તપાસણી માટે દર્દીઓની લાંબી લાઈનો લાગી રહી છે. બગસરા સરકારી દવાખાનામાં ડાયાલીસીસી સેન્ટર, ઓર્થોપેડીક ડોકટર, સર્જન સહિતના ડોકટરોની માંગણી કરવામાં આવતી હતી. આ ડોકટરોની નિમણૂંક તો થઈ નહી પરંતુ બગસરા સરકારી દવાખાનામાં ફરજ બજાવતા ડો. સાવલીયાની બદલી સુરત મુકામે થઈ જતા ડોકટરની જગ્યા ખાલી પડી છે. બગસરા પંથકમાં આરોગ્ય તપાસણી કરવાની જવાબદારી હવે માત્ર એક ડોકટરના શીરે આવી પડી છે. જા કે અન્ય ગામમાંથી અઠવાડીયામાં ત્રણ વખત ડોકટર આવે છે બાકીના દિવસોમાં એક ડોકટર પર જવાબદારી આવી પડી છે. એક માત્ર ડોકટર પર દર્દીઓની આરોગ્ય તપાસણીની સાથે પોસ્ટમાર્ટમ સહિતની કામગીરી કરવી પડે છે. જેથી તાયફા અને ફોટો સેશનમાં વ્યસ્ત રહેતા નેતાઓ તાત્કાલિક ડોકટરોની નિમણૂંક કરાવે તેવી બગસરા પંથકમાંથી માંગ ઉઠવા પામી છે.

# રાજુલાના દેવકા ગામે નહાવા ગયેલી યુવતીની સોનાની બુટી ચોરીને મહિલા ફરાર થયાની શંકા

રાજુલા,તા.૦૫

રાજુલાના દેવકા ગામે નહાવા ગયેલી યુવતીની સોનાની બુટી ચોરીને મહિલા ફરાર થઈ ગઈ હતી. આ અંગે જીવણીભેન કાનભાઈ વાવડીયા (ઉ.વ.૫૦)એ અજાણી મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમની દિકરી રીનુબેન નહાવા ગઈ ત્યારે તેણે તેના કાનમાં પહેરેલી સોનની બુટ્ટી એક જોડી જેનો વજન આશરે અડધો તોલા પાંચ ગ્રામ જેટલી જેની કિ.રૂ.૭૦,૦૦૦/- આશરેની ઓંસરીના પડથારે પાળીએ મુકીને નહાવા ગઈ હતી. તે વખતે એક બેન માંગવા સારૂ આવ્યા હતા અને આ બેન વરસમાં ઘણી વાર માંગવા આવતા હોવાથી તેઓ તેમને જોયે ઓળખે છે તે બેન સોનાની બુટ્ટી એક જોડીની ચોરી કરીને જતા રહ્યા હોય તેવી તેમને તેના ઉપર શંકા છે. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી જે ધાખડા વધુ તપાસ કરી રહ્યા છે.

**ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી**

# બગસરાના નવા વાઘણીયા ગામે ગાળો બોલવા મુદ્દે સામ સામી ફરિયાદ

**બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યાં છે**

બગસરા, તા.૫

બગસરાના નવા વાઘણીયા ગામે ગાળો બોલવા મુદ્દે સામ સામી ફરિયાદ નોંધાઈ હતી. હર્ષિતાબેન દિનેશભાઈ ચાવડા (ઉ.વ.૩૫)એ રસીકભાઈ મનુભાઈ ચાવડા, મનુભાઈ ચાવડા, મીનાબેન મનુભાઈ ચાવડા તથા રીનાબેન મનુભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેમના પતિ પોતાના ઘરે હાજર હતા તે વખતે રસીકભાઈ ચાવડા તેના ઘર પાસે નીકળતા તેના પતિએ કહ્યું કે, અમારા ઘરે મહેમાન આવેલા હતા ત્યારે તમો કેમ ગાળો બોલતા હતા. તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો તથા તેના પતિને મન ફાવે તેમ ગાળો દેવા લાગ્યો હતો.અન્ય આરોપીએ આવી તેમને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. તેમને જમણા પગમાં પાટુ મારી આરોપીઓ મારી નાંખવાની ધમકી આપી હતી. જે બાદ રસીકભાઈ મનુભાઈ ચાવડા (ઉવ.૨૫)એ દિનેશભાઈ પુનાભાઈ ચાવડા, હર્ષિતાબેન દિનેશભાઈ ચાવડા, મનુભાઈ પુનાભાઈ ચાવડા, દિનેશભાઈના સાળા ઘનશ્યામભાઈ પાલાભાઈ તથા દિનેશભાઈના સાઢુભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાના ઘર પાસે હાજર હતા તે વખતે દિનેશભાઈ ચાવડાએ તેમને કહ્યું તું અમારા ઘર પાસે ગાળો કેમ બોલે છે અને ઘરની સામે કેમ બેસે છે તેમ કહી ને ગાળો આપી હતી. આરોપીઓએ તેમને તથા સાહેદોને ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી ડી વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના મેમદા ગામે લોનના હપ્તા ભરવાનું કહેતા મહિલાને જાનથી મારવાની ધમકી આપી

લાઠી, તા.૦૫

લાઠીના મેમદા ગામે લોનના હપ્તા ભરવાનું કહેતા મહિલાને જાનથી મારવાની ધમકી આપી હતી. તેમજ ઢીકાપાટુ મારીને ગાળો પણ આપી હતી. બનાવ અંગે નીતાબેન કુરજીભાઈ ખેર (ઉ.વ.૩૬)એ વિજયભાઈ ભરતભાઈ ખેર, પીન્ટુભાઈ ભરતભાઈ ખેર, જેઠાભાઈ ભલાભાઈ ખેર તથા કોમલબેન અજયભાઈ ખેર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે પોતાના ગામમાં એક ગ્રુપ બનાવી ગ્રામીણ ફાઈનાન્સ બેન્કમાં લોન ઉપાડી હતી. જેમા તેઓ ગ્રુપના મુખ્ય વ્યક્તિ લીડર તરીકે હતા. તેમજ પીન્ટુભાઈના પત્ની ઉર્મીલાબેન પણ ગ્રુપમાં હતા અને તેને પણ લોન લીધી હતી. લોનના બે-ત્રણ હપ્તા ભર્યા નહોતા, જેથી ગુપના મુખ્ય વ્યક્તિ તરીકે લોનના હપ્તા ભરવાનું કહેતા આરોપીને સારૂ લાગ્યું નહોતું. તમામ આરોપીએ તેમને ઢીકાપાટુનો માર મારી જેમફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત તેમને ધકો મારી નીચે પછાડી દઈ પગના ભાગે મુંઢ ઈજા કરી હતી. તેમજ તેમને તથા તેના પતિને જેમફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સાવરકુંડલા પી.ટી.સી. કોલેજમાં સાયબર સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૫

સાવરકુંડલા મહિલા અધ્યાપન મંદિર સંચાલિત પી.ટી.સી. કોલેજ ખાતે બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત સાયબર સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીનીઓમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો અને ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓથી બચવા માટે જરૂરી માહિતી આપવાનો હતો. અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ યોજનાની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ પ્રોજેક્ટરના માધ્યમથી સાયબર ક્રાઈમ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સાયબર ફ્રોડ, ડિજિટલ અરેસ્ટ, મોર્ફિંગ સહિતના વિવિધ સાયબર ગુનાઓ વિશે સમજણ આપવામાં આવી હતી. ઉપરાંત ઓનલાઈન ઠગાઈથી કેવી રીતે



બચવું, વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખવી અને સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# બાબરા મધ્યમાંથી પસાર થતી કાળુભાર નદીનો વિકાસ કરવા શહેરીજનોની માંગ

**રાજય સરકાર આયોજન કરે તો રીવરફ્રન્ટનું સપનુ સાકાર થઈ શકે**

બાબરા,તા.૦૫

બાબરા શહેરના મધ્યમાંથી પસાર થતી કાળુભાર નદી વર્ષો દરમિયાન જમા થયેલા કાંપ અને ગંદકીને કારણે અનેક સ્થળોએ છીછરી બની ગઈ છે. નદીનું વૈજ્ઞાનિક રીતે ઊંડીકરણ, સફાઈ અને સુવ્યવસ્થિત વિકાસ કરવામાં આવે તો ભવિષ્યમાં બાબરાને આકર્ષક રિવરફ્રન્ટની ભેટ મળી શકે તેવી માંગ સ્થાનિક નાગરિકોમાં ઉઠી રહી છે. પર્યાવરણપ્રેમી ડૉ. સિદ્ધાર્થ ભટ્ટ તેમજ ભગતસિંહ યુવા સમિતિના સભ્યોનું માનવું છે કે આવા આયોજનથી વરસાદી પાણીના સંગ્રહમાં વધારો થશે, ભૂગર્ભ જળસ્તર સુધરશે અને પાણીની સમસ્યામાં રાહત મળશે. સાથે શહેરના સૌંદર્યમાં વધારો થવા ઉપરાંત નાગરિકોને ઉત્તમ જાહેર સ્થળ પણ મળશે. સ્થાનિક આગેવાનો, નગરપાલિકા, જનપ્રતિનિધિઓ અને જાગૃત નાગરિકો સંયુક્ત પ્રયાસ કરી રાજ્ય સરકાર સમક્ષ યોગ્ય આયોજન રજૂ કરે તો બાબરામાં રિવરફ્રન્ટનું સ્વપ્ન સાકાર બની શકે છે.

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૪/૨૦૨૬ — તા.૩૦/૦૬/૨૦૨૬

શ્રી બાલુભાઈ મેરામભાઈ પાટડીયા
રહે.વાંકીયા, તા./જી. અમરેલી
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા.વિસાવદર
ઠે. રેન્જ ફોરેસ્ટ ઓફીસ સતાધાર રોડ, હનુમાનપરા, વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી બાલુભાઈ મેરામભાઈ પાટડીયા વાંકીયા, તા./જી. અમરેલીએ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ વિસાવદર તાલુકાના હસનાપુર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ જુન ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૨૯/૨૦૨૬ — તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. દિલીપકુમાર ડાહ્યાભાઈ આસોદરિયા
રહે.એ ૩૦૪, રિવર વ્યુ હટસ, વાલ્કેશ્વરની વાડી પાસે,
મોટા વરાછા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, જીરા, તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી દિલીપકુમાર ડાહ્યાભાઈ આસોદરિયાનો જન્મ તા.૧૬/૧૨/૧૯૭૦ ના રોજ મુ.જીરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# જાફરાબાદમાં માછીમારો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ,તા.૦૫


તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ ખાતે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી ખાતે પીપાવાવ મરીન ટાસ્ક ફોર્સ, જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન અને મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક પી. એમ. પરમારની ઉપસ્થિતિમાં માછીમારો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન દરિયામાં માછીમારી કરતી વખતે કોસ્ટલ સુરક્ષા અને સલામતી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ ગુજરાત સરકાર અને ભારત સરકારની વિવિધ માછીમાર કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ માછીમાર કિસાન ક્રેડિટ કાર્ડનો વધુમાં વધુ લાભ લેવા માછીમારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા અમલમાં મૂકાયેલા એક્સેસ પાસ અંગે માહિતી આપી તમામ બોટ માલિકોને વહેલી તકે પાસ મેળવવા અપીલ કરવામાં આવી હતી.

ઉપરાંત બોટમાં લગાવવામાં આવતા ટ્રેકિંગ ડિવાઈસ અને ટ્રાન્સપોન્ડરના મહત્વ તેમજ આપત્તિના સમયે તેની ઉપયોગિતા વિશે સમજ આપવામાં આવી હતી. મરીન પોલીસના અધિકારીઓએ સાયબર સુરક્ષા અંગે પણ જરૂરી સાવચેતીઓથી માછીમારોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ માછીમારોમાં સુરક્ષા અને સરકારી યોજનાઓ પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો.

# મહુવાની દિકરીના મૃત્યુ મામલે રાજુલા આહિર સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવાયું

રાજુલા,તા.૦૫

મહુવા તાલુકાના મોટા જાદરા ગામની દીકરી આયુષી બલદાણીયાનું જસદણ સ્થિત આલ્ફા સૈનિક ઈન્સ્ટિટ્યૂટ સંકુલમાં સંચાલનની કથિત ઘોર બેદરકારીના કારણે થયેલા મૃત્યુના મામલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. આ ઘટનામાં પરિવારને ન્યાય મળે તેવી માંગ સાથે આજે રાજુલા



તસવીર : ગોપાલ રાઠોડ

ખાતે સમસ્ત આહીર સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમસ્ત સમાજના આગેવાનો, સમસ્ત આહીર સમાજના હોદ્દેદારો તેમજ વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આગેવાનોએ જણાવ્યું હતુ કે આ ઘટના માત્ર એક પરિવાર કે સમાજ પૂરતી મર્યાદિત નથી, પરંતુ કોઈપણ વિદ્યાર્થી સાથે આવી ઘટના બની શકે છે. તેથી શાળા, કોલેજ અને હોસ્ટેલોના સંચાલનમાં થતી બેદરકારી સામે કડક કાર્યવાહી થવી જરૂરી છે. આવેદનપત્રમાં સરકાર અને સંબંધિત તંત્રને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

## અમરેલી સિટીમાં લેણું થઈ જતાં યુવકે ઝેરી દવા પીધી

અમરેલી, તા.૦૫

અમરેલી સિટીમાં યુવકને માત્ર ૨૫ રૂપિયાનું લેણું થઈ જતાં ઝેરી દવા પી લીધી હતી. બનાવ સંદર્ભે રણછોડભાઈ નારાયણભાઈ વણજારા (ઉ.વ.૨૩) એ જાહેર કર્યા મુજબ, તેમને ૨૫ હજાર જેટલા રૂપિયાનું લેણું થઈ ગયું હતું. જેથી તે વાત મનમાં લાગી આવતા પોતે પોતાના ઘરમાં પડેલા ઘંઉમાં નાખવાનો પાઉડર પી લીધો હતો.

## સાવરકુંડલાના ઘોબા ગામેથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલાના ઘોબા ગામેથી એક પરિણીતા ઘરેથી ચાલી નીકળી હતી. આ બનાવ અંગે ગોરધનભાઈ જસાભાઈ બગડા (ઉં.વ. ૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની લીલાબેન (ઉં.વ. ૪૦) પોતાના દીકરાના ઘરેથી કોઈને જાણ કર્યા વગર ક્યાંક ચાલ્યા ગયાં હતાં. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અમરેલી દ્વારા હડાળા ગામે પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૫

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલી દ્વારા હડાળા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આચાર્ય ડૉ. એસ. પી. દેશમુખના નેતૃત્વમાં યોજાયેલા કાર્યક્રમમાં ૭૦થી વધુ ખેડૂતો જોડાયા હતા. તાલીમ દરમિયાન ડૉ. કે. વી. મશાલીયા, બી. ડી. મકવાણા, આર. એચ. વઘાસિયા, ખેતી અધિકારી એચ. વી. વળિયા, જે. બી. પરમાર



અને ખેતી મદદનીશ એસ. એ. બારડ દ્વારા બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા, આચ્છાદન તેમજ બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર અને અગ્નિસ્ત્ર જેવા પ્રાકૃતિક ઉપાયો વિશે માહિતી આપવામાં આવી હતી. મિશ્રપાક પધ્ધતિના ફાયદા, જમીનની ફળદ્રુપતા જાળવવા, જીવાત નિયંત્રણ, ઉત્પાદન વધારવા અને ખેડૂતોની આવકમાં વધારો કરવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. અંતે ખેડૂતોના પ્રશ્નોના જવાબ આપી પ્રાકૃતિક ખેતી અપનાવી પર્યાવરણમૈત્રી અને ખર્ચ અસરકારક ખેતી તરફ આગળ વધવા અપીલ કરવામાં આવી હતી.

## અમરેલી સિટીમાંથી ૩ જુગારી રોકડા રૂ. ૪૦૭૦ સાથે ઝડપાયા

અમરેલી, તા.૦૫

અમરેલી સિટીમાંથી ૩ જુગારી રોકડા રૂ. ૪૦૭૦ સાથે ઝડપાયા હતા. શહેરના રોકડીયાપરામાંથી રાજુભાઈ કાનાભાઈ પરમાર, ભાવેશભાઈ કાનાભાઈ સોલંકી, નરેશભાઈ ગાવિંદભાઈ કુવરીયા જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂા.૪૦૭૦ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા.

## બાબરાના ગમા પીપળીયા ગામે ખેડૂતનું હાર્ટએટેકથી નિધન

બાબરા, તા.૦૫

બાબરાના ગમા પીપળીયા ગામે ખેડૂતનું હાર્ટએટેકથી નિધન થતાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. હાલ સુરત રહેતા મૂળ ગમા પીપળીયા ગામના દશરથભાઈ બાબુભાઈ પાનસેરીયા (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ તેમના પિતા બાબુભાઈ મનજીભાઈ પાનસેરીયા (ઉ.વ.૬૭)ને હાર્ટ એટેક આવી જતાં મરણ પામ્યા હતા.

# ચલાલા ખાતે સંગમ ફાઉન્ડેશન ટ્રસ્ટનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો

ચલાલા,તા.૦૫



ચલાલા ખાતે સંગમ ફાઉન્ડેશન ટ્રસ્ટના ઉદ્ઘાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ઉપસ્થિત સંતોએ ધર્મ, માનવતા અને સેવાભાવ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે સેવાકીય કાર્યોના મહત્વ પર ભાર મૂક્યો હતો. સંગમ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ગૌમાતાની સેવા, જનસેવા, ખેતીલક્ષી વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, શિક્ષણ, ધાર્મિક પ્રવૃત્તિઓ અને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવા જેવી વિવિધ સેવાકીય યોજનાઓ હાથ ધરવામાં આવશે.

**ગીર ગઢડાના શાણા વાંકીયા ગામે**

# સાસુએ પુત્રવધૂને 'અમારે તું જોઈતી નથી જતી રે' કહીને ગાળો આપી

જાફરાબાદ, તા.૫

ગીર ગઢડા તાલુકાના શાણા વાંકીયા ગામે સાસુ પુત્રવદૂને અમારે તું જોઈતી નથી જતી રે કહીને ભૂંડા બોલ્યા હતા. તેમજ દીયર પણ ગાળો બોલીને મારવા દોડ્યો હતો. બનાવ અંગે હાલ જાફરાબાદના લોઠપુર ગામે રહેતા જગૃતિબેન અક્ષયાઈ પુંધેરા (ઉ.વ.૨૮)એ ગીર સોમનાથના ગીર ગઢડા તાલુકાના શાણા વાંકીયા ગામે રહેતા અક્ષયભાઈ નાનજીભાઈ પુંધેરા (ઉ.વ.૨૯) તથા ધનસુખભાઈ નારણભાઈ પુંધેરા (ઉ.વ.૨૪) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તા. ૦૪/૦૬/૨૬ ના બપોરના સમયે તેના પતિ અક્ષય સુતા હતા. તેને જગાડવા તેની નાની દીકરી જીનલ જતા પતિ અક્ષયે તેને ખીજમાં મારતા તેઓ ઘરમાં ગયા હતા અને તેના પતિને સમજાવતા ગાળો આપવા લાગ્યા હતા અને એક ઝાપટ મારીને મારકૂટ કરવા લાગ્યા હતા. તેમજ તેના. સાસુ વિમળાબેને જેમ-ફાવે તેમ ગાળો તથા મેણા-ટોણા માર્યા હતા અને કહેવા લાગેલા કે અમારે તું જોઈતી નથી અને અપશબ્દ બોલવા લાગ્યા હતા. તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ તેઓ તથા તેના બન્ને ભાઈઓ પ્રકાશ અને મહેશ તેના મામી રેખાબેન એ રીતેના ત્રણેય જણા તેમની બન્ને દીકરીઓના જન્મના દાખલાઓ લેવા ગયા ત્યારે તેના દિયર ધનસુખભાઈએ તેને જેમ-ફાવે તેમ ગાળો આપી અને મારવા દોડ્યો હતો. પતિ અક્ષય અવાર-નવાર તેની સાથે બોલાચાલી કરતા હતા. તેમજ શારીરિક-માનસિક દુખ ત્રાસ આપતા હતા અને ઘર કામ બાબતે સંભળાવતા હતા. તેના સાસુ વિમળાબેન તેનું ઘર ચલાવવા દેવા માંગતા નહોતા અને વારંવાર મેણા-ટોણા મારી અને શાંતિથી જીવવા દેતા નહોતા. તેની સાથે ઘર કામ બાબતે અવાર-નવાર બોલાચાલી મેણા ટોણા મારી ઝગડો કર્યો હતો. તેમજ શારીરિક-માનસિક દુખ-ત્રાસ આપી ગુનો કર્યો હતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે એમ ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

# બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા રાષ્ટ્રીય ડોક્ટર ડે નિમિત્તે અંદાજીત ૩૦ ડોક્ટરોનું સન્માન કરાયું

અમરેલી,તા.૦૫

રાષ્ટ્રીય ડોક્ટર ડે નિમિત્તે બ્રહ્માકુમારીઝ અમરેલી સેવા કેન્દ્ર દ્વારા અમરેલી અને જેસીંગપરામાં હોસ્પિટલ ચલાવતા અંદાજે ૩૦ ડોક્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી કિંજલબેન તથા ખુશીબેન દ્વારા તમામ ડોક્ટરોને ચંદનનું તિલક કરી, ખુશીનો ખેસ પહેરાવી, તેમજ પરમાત્માનો પ્રસાદ અને જ્ઞાનનો સંદેશ આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં ડૉ. ચિરાગ-ઉપાસના કુબાવત, ડૉ. વિરલ મીના ગોયાણી, ડૉ. અંકિત




દેવકી મોગા, ડૉ. રાજેશ અને બિનલ પરવાડિયા, ડૉ. ઉપાધ્યાય, ડૉ. પ્રજાપતિ, ડૉ. જૂહી ઠાકર સહિતના અનેક તબીબો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડોક્ટરોને 'દવા, દુઆ અને દયા'નો જીવનમૂલ્યસભર સંદેશો આપવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા જણાવાયું હતું કે મેડિટેશન એ સર્વશ્રેષ્ઠ મેડિસિન છે.

# ચલાલામાં એમ.કે.સી. કન્યા વિદ્યાલયમાં સાઈબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ચલાલા,તા.૦૫

ચલાલામાં આવેલી એમ. કે.સી. કન્યા વિદ્યાલય ખાતે વિદ્યાર્થિનીઓ માટે સાઈબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓને ઓનલાઈન છેતરપિંડી, ડિજિટલ સુરક્ષા



અને સાઈબર ગુનાઓ અંગે જાગૃત કરવાનો હતો. ચલાલા પોલીસના પીએસઆઈ રતન ગઢવીના માર્ગદર્શન હેઠળ રવિભાઈ બગડાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓને સોશિયલ મીડિયાનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો, અજાણી લિંક, કોલ અને મેસેજથી કેવી રીતે સાવચેત રહેવું તેમજ વ્યક્તિગત માહિતી કોઈ અજાણી વ્યક્તિ સાથે શેર ન કરવી તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.




**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૨/૨૦૨૬ — તા.૩૦/૦૬/૨૦૨૬

શ્રી ભાવનાબેન કાનજીભાઈ વૈષ્નવ વા.ઓ. દિપકભાઈ ઓધવજીભાઈ વાજા
રહે. દિપભુમી, મહાલક્ષ્મી મંદિર પાસે, ગાયત્રી સ્ટુડીઓ ઉપર
ધોરાજી, તા. ધોરાજી, જી. રાજકોટ .........અરજદાર

વિરુધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને, ચીફ ઓફીસરશ્રી,
વિસાવદર નગરપાલિકા, તા. વિસાવદર ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ભાવનાબેન કાનજીભાઈ વૈષ્નવ વા.ઓ. દિપકભાઈ ઓધવજીભાઈ વાજા, રહે. ધોરાજી, તા. ધોરાજી, જી. રાજકોટએ તેમનો જન્મ તા.૨૧/૦૫/૧૯૬૫ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર નગરપાલિકા, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર નગરપાલિકા, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ. જુન ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી
(પી.વી.શિંગડીયા)
નાયબ મામલતદાર વિસાવદર

હુકમથી
સહી
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર



# ધારાસભ્ય મહેશ કસવાળાની અધ્યક્ષતામાં સા.કુંડલામાં તાલુકા સંકલન સમિતિની બેઠક

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા તાલુકાના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા તેમજ જનહિતના પ્રશ્નોનો સમયસર ઉકેલ લાવવા માટે ધારાસભ્ય મહેશ કસવાળાની અધ્યક્ષતામાં તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રાંત અધિકારી સહિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન તાલુકામાં ચાલી રહેલા વિવિધ વિકાસકાર્યોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત સરકારી કલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે જરૂરી આયોજન અને વિભાગો વચ્ચે સંકલન વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પીવાના પાણી, માર્ગ અને મકાન, શિક્ષણ, આરોગ્ય, કૃષિ તેમજ વીજ પુરવઠા જેવા મહત્વના પ્રશ્નોને લઈ અધિકારીઓ સાથે વિગતવાર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. વિવિધ વિભાગોને કામગીરી ઝડપી અને અસરકારક રીતે પૂર્ણ કરવા સૂચનો આપવામાં આવ્યા હતા.



# વડિયાના મેઘા પીપળીયા ગામે બે મકાનમાંથી રૂ.૧૦.૮૭ લાખની ચોરીથી ચકચાર

**સોના-ચાંદીના ઘરેણા ઉઠાવી ગયા**

વડિયા, તા.૦૫

વડિયાના મેઘા પીપળીયા ગામે રૂ. ૧૦.૮૭ લાખની ચોરીથી ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે નટુભાઈ ગાંડાભાઈ દાવડા (ઉ.વ.૫૭) એ મૂળ રામપુર (તોરી)ના અને હાલ મેઘા પીપળીયા ગામે રહેતા મીહિર ખુશાલભાઈ પરમાર (ઉ.વ.૨૧) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમના તથા સાહેદના રહેણાંક મકાને ગેરકાયદેસર ગૃહપ્રવેશ કરી તેમના રૂમમા બોક્ષ શેટી પલંગમાથી સોનાનો હાર (ડોકીયુ) નંગ-૦૧ તથા નાની બુટી નંગ-૦૨, સોનાની બુટી નંગ-૦૨, સોનાની ચીપવાળા પાટલા નંગ-૦૨, જેન્ટ્સ સોનાની વીંટી નંગ ૦૩, લેડીઝ સોનાની વીંટી નંગ-૦૨ મળી કુલ કિ.રૂ.૫,૭૬,૨૦૦ ના સોનાના દાગીનાની ચોરી કર્યા હતા. તેમજ સાહેદ હિતેષભાઈ ભગવાનભાઈ મકવાણાના ઘરે ઘરમાં કબાટમાંથી એક સોનાનો પેન્ડલસેટ બુટી સાથેનો, સોનાની બુટી નંગ-૦૨, સોનાનો ચેન નંગ-૦૧, સોનાનું પાન (પેન્ડલ), સોનાની ચીપવાળા પાટલા નંગ-૦૨, અડધી તુટેલ ચાંદીની લક્કી નંગ-૦૧ મળી કુલ કિં.રૂ.૫,૧૧,૨૦૦ના સોના ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. કુલ ૧૦,૮૭,૪૦૦ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ પી ડી ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટી કુકાવાવ ગામે કુવામાં પડી જતાં યુવકનું કરૂણ મોત

વડિયા, તા.૦૫

અમરેલી જિલ્લામાં આકસ્મિક મોતના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. ક્યારેક આપઘાત તો ક્યારેક આકસ્મિક મોતના બનાવો પોલીસ ચોપડે નોંધાઈ રહ્યા છે. જેમાં મોટી કુકાવાવ ગામે કુવામાં પડી જવાથી યુવકનું મોત થયું હતું. બનાવ અંગે પીયુષભાઈ પરશોતમભાઈ સોરઠીયા (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, મંથનભાઈ ગોગનભાઈ સોરઠીયા (ઉ.વ.૨૧) વાડીમાં આવેલ કૂવામાં પાણી જોવા જતા તેમનો પગ અચાનક લપસી જતા કૂવામાં પડી જતા કૂવાના પાણીમા ડૂબી જતા મરણ પામ્યા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

**યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત**

# સાવરકુંડલામાં પરિણીતાને પતિએ ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં એક પરિણીતા પર સાસરિયાએ અત્યાચાર ગુજાર્યો હતો. પતિએ ગાળો બોલી, ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મુકી હતી. બનાવ અંગે હાલ અમરેલીમાં રહેતા રેશ્માબેન ઈશાકભાઈ જાખરા (ઉ.વ.૩૦) એ સાવરકુંડલામાં રહેતા પતિ સાહિલભાઈ રજુભાઈ જાખરા તથા સાસુ રસીદાબેન રજુભાઈ જાખરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના નિકાહની તા.૨૧/૦૮/૨૦૨૪ થી તા.૦૩/૦૨/૨૦૨૬ દરમ્યાન સાવરકુંડલા મુકામે પતિ સાહિલભાઈ રજુભાઈ જાખરા તથા સાસુ રસીદાબેન રજુભાઈ જાખરાએ અવાર નવાર ઘરકામ બાબતે તેમજ અન્ય બાબતોમાં મેણાટોણા મારી શારીરિક માનસિક દુખત્રાસ આપ્યો હતો. પતિએ ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરેથી પહેરેલ કપડે કાઢી મુકી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ બી પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

**પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મુકતા ફરિયાદ નોંધાવી**

# 'મારી દીકરીને કેમ પીયર આવવા દેતા નથી' કહેતા જમાઈએ સસરાને છરી મારી

બગસરા, તા.૦૫

બગસરા માર્કેટ યાર્ડની પાછળ રહેતા રમેશભાઈ શામજીભાઈ વાડદોરીયા (ઉવ. ૫૨)એ બાબરાના વાવડી ગામે રહેતા મયુરભાઈ ભકાભાઈ સાઢમીયા સામે ફરિયાદ કરી હતી. જે મુજબ તેઓ ડેરી પીપરીયાથી આદપુર જવાના રસ્તે પોતાના બકરા ચરાવવા હતા તે સમયે તેમના જમાઈ ત્યાંથી નીકળ્યા હતા. જેથી તેમણે તેના જમાઈને રોકી કહ્યું કે મારી દિકરી ચંદ્રિકાને કેમ પીયર આવવા દેતા નથી એમ ઠપકો આપતા આરોપીને સારુ નહોતું લાગ્યું. જેથી ઉશ્કેરાઈ જઈ પોતાના પાસે રહેલી છરી વડે ડાબા હાથના પંજા ઉપર ઈજા કરી જેમફાવે તેમ ગાળો આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ એન વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાની મોંઘીબા પે સેન્ટર શાળામાં વિદ્યાર્થીઓને કાયદાકીય જાગૃતિનું માર્ગદર્શન

અમરેલી,તા.૦૫

વડિયાની મોંઘીબા પે સેન્ટર શાળામાં વિદ્યાર્થીઓમાં સુરક્ષા અને કાયદાકીય જાગૃતિ વધારવા માટે વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વડિયા પોલીસ વિભાગના પોલીસ ઈન્સ્પેક્ટર પી. ડી. ગોહિલે મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમના વધતા જોખમોથી બચવાના સરળ ઉપાયો સમજાવ્યા હતા. ડિજિટલ યુગમાં મોબાઈલનો સુરક્ષિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. બાળ સુરક્ષાના મુદ્દે તેમણે ગુડ ટચ અને બેડ ટચ વચ્ચેનો તફાવત સરળ ભાષામાં સમજાવ્યો હતો. સાથે જ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે પોલીસ સમાજની મિત્ર છે.



**પાલિકા પ્રમુખ સહિત પીએસઆઈ અને અધિકારીઓની હાજરીમાં**

# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં મહિલા સુરક્ષા અંગે માર્ગદર્શન

અમરેલી,તા.૦૫

અમરેલી સ્થિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત 'શી ટીમ સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં મહિલા સુરક્ષા, મહિલા સશક્તિકરણ, સાયબર સુરક્ષા અને સરકારી સહાય યોજનાઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા. મહિલા અને બાળ વિકાસ અધિકારી શૈલેષભાઈ કણજારિયા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, પી.એસ.આઈ. એમ. ડી. ભટ્ટ, હેડ કોન્સ્ટેબલ વૈશાલીબેન ચાવડા, કાજલબેન બોદર, સાયબર નિષ્ણાત જયભાઈ ચૌહાણ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત બાદ દીપપ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ થયો. વક્તાઓએ ટીમની કામગીરી, સાયબર છેતરપિંડીથી બચવાના ઉપાયો અને મહિલા સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમનું સંચાલન ડો. એ. બી. ગોરવાડિયા અને ડો. એ. જી. પટેલે કર્યું હતું.

અંતે આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો અને સંસ્થાના આગેવાનો દ્વારા સફળ આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી.



## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ
તા.૦૬-૦૭-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૩,
સૂર્યાસ્ત-૦૭:૨૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ભાદ્રપદ

## દૈનિક રાશિફળ

**તા.૦૬-૦૭-૨૦૨૬ — સોમવાર**

- મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઇ શકે છે.
- વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય.
- મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.
- કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે.
- સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.
- કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.
- તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે.
- વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે.
- ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.
- મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે.
- કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.
- મીન:આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# બગસરાના રફાળામાં પ્રાકૃતિક ખેતી તાલીમનો ૪૦ ખેડૂતોએ લીધો લાભ

અમરેલી,તા.૦૫

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ ડૉ. સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા રફાળા ગામે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ૪૦થી વધુ ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. તાલીમ દરમિયાન ડૉ. કે. વી. મશાલીયા, આર. એચ. વઘાસિયા, બી. એમ. મોદી, યુ. એન. ડોડીયા, વી. એસ. ઠાકોર, અને.કે. માંજરીયાએ બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, વાપસા અને આચ્છાદન સહિત પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભોની સમજ આપી હતી. બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર અને અગ્નિસ્ત્ર દ્વારા જીવાત નિયંત્રણ તેમજ મિશ્રપાક પધ્ધતિના લાભો અંગે પણ ખેડૂતોને માહિતગાર કરાયા હતા. પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા જળવાય, ઉત્પાદન સ્થિર રહે, ખર્ચ ઘટે અને પર્યાવરણનું સંરક્ષણ થાય તે અંગે માર્ગદર્શન અપાયું હતું. અંતે ખેડૂતોના પ્રશ્નોના નિષ્ણાતોએ જવાબ આપ્યા હતા અને પ્રાકૃતિક ખેતી અપનાવી ટકાઉ તથા સ્વાવલંબી ખેતી તરફ આગળ વધવા અપીલ કરવામાં આવી હતી



# અમરેલીમાં નોકરી દરમિયાન બે મહિલાએ રૂ. ૧.૪૧ લાખથી વધુની ઉચાપત કરી

અમરેલી, તા.૦૫

અમરેલીમાં નોકરી દરમિયાન બે મહિલા સામે રૂ. ૧.૪૧ લાખથી વધુની ઉચાપતની ફરિયાદ નોંધાઈ હતી. દિવ્યરાજસિંહ વિક્રમસિંહ જાડેજા (ઉ.વ.૨૯)એ અંજનાબેન મનુભાઈ બાંભણીયા રહે. નાગેશ્રી તથા મેવીઝબેન રફીકભાઈ ભટ્ટી રહે.વડેરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, જીઆઈડીસી અમરેલી ખાતે આવેલ શિતલ કુલ પ્રોડક્ટસ લીમીટેડ ઓફિસમાં નોકરી કરતા અંજનાબેન મનુભાઈ બાંભણીયા રહે.નાગેશ્રી વાળાએ રૂ.૧,૦૦,૦૦૦ તથા મેવીઝબેન રફીકભાઈ ભટ્ટી રહે.વડેરા વાળાએ રૂ.૪૧,૩૪૯ એમ બન્નેએ અલગ અલગ કુલ રૂ.૧,૪૧,૩૪૯ ની ઉચાપત કરી હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ વી મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ભાજપ પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૦૫

બગસરા ખાતે ભાજપ પરિવાર દ્વારા ગોકુલ પરા પટેલ વાડીમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીર બાપુ, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ ભેંસાણીયા, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, નગરપાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયા તેમજ માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા, ભાવેશભાઈ મસરાણી પણ હાજર રહ્યા હતા. ઉપરાંત ભાજપના કાર્યકરો, નગરપાલિકાના સદસ્યો અને સ્થાનિક આગેવાનોએ કેમ્પમાં હાજરી આપી હતી.



# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ૩૪૯મો વિનામૂલ્યે મહા નેત્ર નિદાન યજ્ઞ સંપન્ન

સાવરકુંડલા,તા.૦૫

સાવરકુંડલામાં સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા દર માસના પ્રથમ શુક્રવારે વિનામૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ યોજાય છે. પૂ. શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી સ્વામીની સ્મૃતિમાં આજે સંસ્થામાં ૩૪૯મા વિનામૂલ્યે મહાનેત્ર નિદાન યજ્ઞ યોજાયો હતો. નેત્રયજ્ઞનો પ્રારંભ પૂ.શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદ સાથે થયો હતો. જૂનાગઢના પૂજ્ય પૂર્ણપુરુષોત્તમ પ્રકાશદાસજી સ્વામી, વિરનગર હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરો, ગુરુકુળ હોસ્પિટલના ડૉ. નિલેશભાઈ ત્રિવેદી તેમજ વ્યાસભાઈ સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં કુલ ૭૭ દર્દીઓની આંખોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં ૦૯ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત જણાતા, તેમને સંસ્થા દ્વારા સંપૂર્ણ વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગર આંખ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા.



## તંત્રી લેખ

# હરિત ઊર્જાનો નવો માર્ગ: ટ્યુલિપ વિન્ડ ટર્બાઈન

વિશ્વ આજે ઊર્જા સંકટ, વધતા પ્રદૂષણ અને આબોહવા પરિવર્તન જેવા ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં પરંપરાગત કોલસા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પરની નિર્ભરતા ઘટાડીને સ્વચ્છ અને નવનીકરણીય ઊર્જા તરફ આગળ વધવું સમયની માંગ બની ગયું છે. અત્યાર સુધી સૂર્ય ઉર્જા માટે સોલાર પેનલ સૌથી લોકપ્રિય વિકલ્પ માનવામાં આવતી હતી, પરંતુ હવે ટ્યૂલિપ આકારની નવી પેઢીની વિન્ડ ટર્બાઈન પણ ઝડપથી ચર્ચામાં આવી રહી છે. ઓછી જગ્યામાં વધુ કાર્યક્ષમતા, ઓછો અવાજ અને આકર્ષક ડિઝાઈનને કારણે આ નવી ટેક્નોલોજી ભવિષ્યની હરિત ઊર્જાનું મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

સોલાર પેનલ છેલ્લા દાયકામાં સામાન્ય નાગરિકો સુધી સરળતાથી પહોંચી છે. ઘરની છત, શાળાઓ, સરકારી કચેરીઓ, ઉદ્યોગો અને ખેતીમાં તેનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. સૂર્યપ્રકાશને સીધો વીજળીમાં ફેરવતી આ ટેક્નોલોજી પર્યાવરણને કોઈ નુકસાન કરતી નથી અને એકવાર સ્થાપન પછી લાંબા સમય સુધી ઓછી જાળવણીમાં કાર્ય કરે છે. ભારત જેવા સૂર્યપ્રકાશથી સમૃદ્ધ દેશમાં સોલાર ઊર્જાની સંભાવના અત્યંત વિશાળ છે. સરકારની વિવિધ સહાય યોજનાઓને કારણે સામાન્ય પરિવારો પણ હવે સોલાર સિસ્ટમ અપનાવી રહ્યા છે. પરંતુ સોલાર પેનલની કેટલીક મર્યાદાઓ પણ છે. વરસાદી મોસમ, વાદળછાયું વાતાવરણ અથવા રાત્રિના સમયે વીજ ઉત્પાદન લગભગ બંધ થઈ જાય છે. સતત વીજળી મેળવવા માટે બેટરી અથવા ગ્રિડ પર આધાર રાખવો પડે છે. ઉપરાંત, મોટા પ્રમાણમાં વીજ ઉત્પાદન માટે વિશાળ જગ્યા જરૂરી બને છે.

ભારત માટે આ દિશા અત્યંત મહત્વપૂર્ણ છે. દેશ ઝડપથી ઊર્જાની વધતી માંગનો સામનો કરી રહ્યો છે. જો સ્વચ્છ ઊર્જાના આવા આધુનિક વિકલ્પોને પ્રોત્સાહન આપવામાં આવે, સ્થાનિક ઉત્પાદન વધારવામાં આવે અને સંશોધનને પ્રોત્સાહન મળે તો આયાતી ઈંધણ પરની નિર્ભરતા પણ ઘટી શકે. તેનાથી રોજગારીની નવી તકો ઊભી થશે અને કાર્બન ઉત્સર્જનમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

હરિત ઊર્જા હવે માત્ર પર્યાવરણ બચાવવાનો વિષય નથી, પરંતુ આર્થિક વિકાસ અને ઊર્જા સ્વાવલંબન સાથે પણ જોડાયેલી છે. સોલાર પેનલ હોય કે નવી પેઢીની ટ્યૂલિપ વિન્ડ ટર્બાઈન, બંને ટેક્નોલોજી એકબીજાની હરીફ નહીં પરંતુ પૂરક બની શકે છે. યોગ્ય આયોજન, વૈજ્ઞાનિક અભિગમ અને સરકાર-સમાજના સહયોગથી ભારત સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં વિશ્વનું અગ્રણી રાષ્ટ્ર બની શકે છે. આજનો યોગ્ય નિર્ણય આવનારી પેઢીને સ્વચ્છ, સુરક્ષિત અને ટકાઉ ઊર્જાનું ભવિષ્ય આપી શકે છે.

# અમેરિકાના ૨૫૦ વર્ષ: લોકશાહીના આદર્શો અને લોહી-માટીના સંઘર્ષની મહાગાથા




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આજથી બરાબર અઢી સદી પહેલાં, એટલે કે ૪ જુલાઈ, ૧૭૭૬ના રોજ વૈશ્વિક નકશા પર એક એવા રાષ્ટ્રનો ઉદય થયો જેણે માનવજાતને સ્વતંત્રતા અને સમાનતાના નવા સપના જોતા શીખવ્યું. બ્રિટિશ સામ્રાજ્યના અન્યાયી શાસન અને કરવેરાના દમન સામે તેર વસાહતોના પ્રતિનિધિઓએ એક થઈને જે ઐતિહાસિક ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા, તે માત્ર એક રાજકીય દસ્તાવેજ નહોતો પરંતુ માનવ અધિકારોનો આધુનિક વેદ હતો. થોમસ જેફરસન જેવા મનીષીઓના શબ્દોમાં કંડારેલું એ સત્ય કે દરેક મનુષ્ય જન્મથી સમાન છે અને તેને જીવન, સ્વતંત્રતા તેમજ સુખની શોધનો અવિભાજ્ય અધિકાર છે, તેણે વિશ્વભરની સરમુખત્યારશાહી ને હચમચાવી દીધી હતી. આ નવજાત રાષ્ટ્ર પૃથ્વી પરની સૌથી નવી અને આશાસ્પદ લોકશાહી તરીકે ઉભરી આવ્યું, જેણે પરંપરાગત રાજાશાહીના પાયા હચમચાવી દીધા હતા.

ત્યારબાદ, અમેરિકાએ માત્ર ભૌગોલિક સીમાઓ જ ન વધારી પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ, આધુનિક વિજ્ઞાન અને અર્થતંત્રના ક્ષેત્રે વૈશ્વિક સરસાઈ મેળવી. સમય જતાં તે પૃથ્વી પરની સૌથી મોટી મહાસત્તા, અનિવાર્ય રાષ્ટ્ર અને મુક્ત દુનિયાના નેતા તરીકે પ્રસ્થાપિત થયું. સાહિત્યિક દ્રષ્ટિએ જોઈએ તો, અમેરિકા એ માત્ર જમીનનો ટુકડો નથી પણ એક વિચાર છે, એક એવો વિચાર જ્યાં કોઈ પણ વ્યક્તિ પોતાની મહેનત અને પ્રતિભાના જોરે સર્વોચ્ચ શિખરો સર કરી શકે છે, જેને દુનિયા 'અમેરિકન ડ્રીમ'તરીકે ઓળખે છે.

ભૂતપૂર્વ ગુલામ અને પ્રખર નાગરિક અધિકાર નેતા ફ્રેડરિક ડગ્લાસે જ્યારે એક સમયે બહુ માર્મિક રીતે કહ્યું હતું કે આ ચોથી જુલાઈ તમારી છે, મારી નહીં, ત્યારે તેમણે અમેરિકાના આ આંતરિક જખમને જ ઉજાગર કર્યો હતો. તેમણે આ દસ્તાવેજને નકારવાને બદલે તેને એક ગંભીર વચનપત્ર માન્યું અને રાષ્ટ્રને પોતાના જ નૈતિક સિધ્ધાંતોનું પાલન કરવા પડકાર ફેંક્યો. સદીઓ પછી, માર્ટિન લ્યુથર કિંગ જુનિયરે પણ આ જ વૈચારિક હથિયારનો ઉપયોગ કરીને અમેરિકાને તેની અધૂરી રહેલી નૈતિક પ્રતિજ્ઞા યાદ અપાવી હતી, જે આજે ૨૫૦ વર્ષ પછી પણ એક વણઉકેલાયેલો કોયડો બનીને ઊભી છે.

આ જ આંતરિક વૈચારિક ખાઈ ૧૮૬૧થી ૧૮૬૫ના ગાળામાં ભયાનક ગૃહયુધ્ધમાં પરિણમી હતી, જેમાં લાખો લોકોએ જાન ગુમાવ્યા હતા. આજે પણ એ જ સંઘર્ષ ભલે ખુલ્લા યુધ્ધમાં ન બદલાયો હોય, પરંતુ સામાજિક અને રાજકીય સ્તરે તે અત્યંત તીવ્ર બન્યો છે. વર્તમાન સમયમાં દક્ષિણપંથી રાજકારણ અને લોકપ્રિય નેતાઓના નિવેદનો આ વિભાજનને વધુ ઘેરું બનાવી રહ્યા છે. જ્યારે શરણાર્થીઓને દેશના લોહીને પ્રદૂષિત કરનારા ગણાવવામાં આવે, કાયદેસર સ્થળાંતર કરનારાઓને આક્રમણખોર તરીકે ચિતરવામાં આવે, અને બંધારણીય નાગરિકત્વના અધિકારોને છીનવી લેવાના પ્રયાસો સર્વોચ્ચ અદાલતના આંગણે પહોંચે, ત્યારે એ સ્પષ્ટ થાય છે કે લોહી અને માટીની સંકુચિત વિચારધારા આજે પણ કરોડો અમેરિકનોના માનસનો પાયો છે. ચોથી જુલાઈના પર્વે આકાશ ભલે રંગબેરંગી ફટાકડાઓથી ઝબકી ઉઠે અને લોકો ઉત્સવના રંગમાં ડૂબી જાય, પરંતુ ભવ્ય રોશની પાછળ અંધકાર પણ એટલો જ ઘટ્ટ છે. સરકારી પ્રાયોજિત રાષ્ટ્રીય મેળાઓ કે રાજકીય પ્રભાવ દર્શાવતા કોન્સર્ટમાં ઓછી થતી ભીડ એ વાતની ગવાહી પૂરે છે કે સામાન્ય જનતા હવે આ ખોટા આત્મ-અભિનંદનથી કંટાળી છે. રાષ્ટ્રીય ઓળખનો જે વિવાદ ૧૮૫૦ના દાયકામાં દેશને ઈતિહાસના સૌથી ક્રૂર યુધ્ધ તરફ દોરી ગયો હતો, તે જ વિવાદ આજે સોશિયલ મીડિયાથી લઈને સંસદ સુધી વધુ વ્યાપક અને ધારદાર બન્યો છે.

અમેરિકા ખરેખર શું ઉજવી રહ્યું છે તેનો સાચો જવાબ ત્યારે જ મળશે જ્યારે આ મહાન દેશ પોતાના પાયાના સિદ્ધાંતો પ્રત્યે વફાદાર રહેશે.

# ગાધકડા ગામના ખેડૂતનો દીકરો વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે વધારશે ગામ અને ગુજરાતનું ગૌરવ



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના વતની અને તરવડા ગુરુકુલના પૂર્વ વિદ્યાર્થી અક્ષય ઘનશ્યામભાઈ ડાવરાએ પોતાની અથાગ મહેનત, લગન અને જ્ઞાનના બળે દેશની અગ્રણી સ્ટેમ સેલ વિજ્ઞાન અને પુનર્જીવન ચિકિત્સા સંશોધન સંસ્થા (ઈનસ્ટેમ), બેંગલુરુમાં પીએચ.ડી. અભ્યાસ માટે પ્રવેશ મેળવી ગાધકડા ગામ, અમરેલી જિલ્લા અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

અક્ષય હાલમાં કેન્સર જેવા જીવલેણ રોગ અંગે વૈજ્ઞાનિક સંશોધન કરી રહ્યો છે. કેન્સર કેવી રીતે થાય છે, તેને કેવી રીતે અટકાવી શકાય અને ભવિષ્યમાં દર્દીઓને વધુ સારી સારવાર મળી રહે તે દિશામાં તેમનું સંશોધન ચાલી રહ્યું છે. દેશના આરોગ્ય ક્ષેત્ર માટે આ પ્રકારનું સંશોધન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

અક્ષયની જ્ઞાનયાત્રાની શરૂઆત તરવડા ગુરુકુલથી થઈ હતી. અહીં તેમણે ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કર્યો હતો. તેઓ કહે છે કે ગુરુકુલમાં મળેલા સંસ્કાર, શિસ્ત અને શિક્ષણ જ તેમની સફળતાનો સાચો પાયો છે. તેઓ પૂજ્ય રામકૃષ્ણદાસ સ્વામી, પૂજ્ય વ્રજ સ્વામી, તરવડા ગુરુકુલના નિયામક પૂજ્ય કૃષ્ણપ્રિયદાસ સ્વામી તથા પૂજ્ય ગુરુમહારાજના આશીર્વાદ અને માર્ગદર્શનને પોતાની સફળતાનું સૌથી મોટું બળ આ ખેડૂત પુત્ર માને છે.

ત્યારબાદ તેમણે શ્રી રામકૃષ્ણ સંસ્થા ખાતે સૂક્ષ્મ જીવવિજ્ઞાન વિષયમાં સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યો. ઉચ્ચ અભ્યાસ માટે દેશભરની વિવિધ પ્રવેશ પરીક્ષાઓમાં સફળતા મેળવી તેમણે કર્ણાટક રાજ્યની નિટ્ટે યુનિવર્સિટીમાં સમુદ્રી જીવવિજ્ઞાન અને જૈવ પ્રૌદ્યોગિકી વિષયમાં અનુસ્નાતક અભ્યાસ કર્યો. તેમના આ અભ્યાસ માટે ભારત સરકારના જૈવ પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા શિષ્યવૃત્તિ અને આર્થિક સહાય પણ આપવામાં આવી હતી.

આગળ વધતાં અક્ષયે દેશની પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય લાયકાત પરીક્ષાઓમાં પણ ઉત્તમ દેખાવ કર્યો. તેમણે વૈજ્ઞાનિક લાયકાત પરીક્ષામાં સમગ્ર ભારતમાં ૧૨૮મો ક્રમ અને ઈજનેરી તથા વિજ્ઞાન ક્ષેત્રની રાષ્ટ્રીય પરીક્ષામાં ૯૨૦મો ક્રમ મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી. ત્યારબાદ દેશની અગ્રણી સંશોધન સંસ્થાઓમાંથી પસંદગી મળતા અંતે તેમને બેંગલુરુની પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થામાં પીએચ.ડી. અભ્યાસ માટે સ્થાન મળ્યું.

આ સંસ્થા ભારત સરકારના જૈવ પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત છે. અહીં સ્ટેમ સેલ વિજ્ઞાન, કોષોનું પુનર્નિર્માણ, જનીનમાં સુધારા, આધુનિક ચિકિત્સા સંશોધન અને ગંભીર રોગોની સારવાર અંગે વિશ્વસ્તરીય સંશોધન કરવામાં આવે છે. દેશ-વિદેશના પ્રતિભાશાળી વૈજ્ઞાનિકો અહીં સંશોધન કાર્ય સાથે જોડાયેલા છે.

અક્ષય પોતાની આ સફળતાનો શ્રેય પોતાના ખેડુત માતા-પિતા શ્રી ઘનશ્યામભાઈ ડાવરા અને શ્રીમતી ગીતાબેન ડાવરાને આપે છે. તેઓ કહે છે કે માતા-પિતાના ત્યાગ, મહેનત, સંસ્કાર અને આશીર્વાદ વગર આ સફર ક્યારેય શક્ય બની ન હોત. તેઓ પોતાના નાના ભાઈ જેમિશ ડાવરાનો પણ ખાસ આભાર માને છે, જેમણે પરિવારની જવાબદારી સંભાળી અક્ષયને અભ્યાસમાં આગળ વધવા માટે સંપૂર્ણ સહકાર આપ્યો.



**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

અક્ષય કહે છે કે આ સિધ્ધિ માત્ર તેમના પરિવારની નહીં, પરંતુ ગાધકડા ગામ, તરવડા ગુરુકુલ અને સમગ્ર ગ્રામ્ય ખેડુત સમાજની છે. ગામડામાંથી પણ મોટા સપના જોઈ શકાય અને મહેનત તથા સાચા માર્ગદર્શનથી દેશની સર્વોચ્ચ સંસ્થાઓ સુધી પહોંચી શકાય છે, તેનો તેઓ જીવંત દાખલો છે.

ગામડાના અનેક યુવાનો અને ખેડૂતોના સંતાનો માટે અક્ષય ડાવરાની સફળતા નવી આશા અને નવી પ્રેરણા બની છે. ખેતરથી લઈને પ્રયોગશાળા સુધીની તેમની સફર એ બતાવે છે કે પરિસ્થિતિ નહીં, પરંતુ માણસનો પુરુષાર્થ જ તેની ઓળખ બનાવે છે. ભવિષ્યમાં ગાધકડાનું નામ વૈજ્ઞાનિક સંશોધનના ક્ષેત્રમાં ગૌરવપૂર્વક લેવાશેછે, જે સમગ્ર પંથક માટે ગર્વની વાત છે.અક્ષય ડાવરાનો સંપર્ક નં.૯૦૮૧૧ ૨૫૧૩૦

# આધુનિક યુગમાં પ્રાઇવસીના પ્રોબ્લેમ અને પારિવારિક જીવનના ફાયદા



**મનન ચિંતન**
**ભરત બાવીશી**

આજના સમયમાં વ્યક્તિગત સ્વતંત્રતા (Privacy) અને સમૂહજીવન (Collective Living) વચ્ચે સંતુલન જાળવવું એ જીવનની સૌથી મોટી કળા બની ગઈ છે.સોશિયલ મીડિયાના કારણે વ્યક્તિ ખાસ કરીને યુવાન કે યુવતી કુટુંબ કે પરિવારના સભ્યો સાથે પોતાની અંગત બાબતો કે મુશ્કેલીઓ શેર કરવાને બદલે સોસીયલ મીડિયામાં શેર કરીને ફ્રેશ થવા પ્રયત્ન કરે છે. હકીકતમાં આ હરકત ઘણીવાર જે તે વ્યક્તિ માટે ખૂબ મોટી નુકશાનકારક સાબિત થાય છે.જેણે આપણને જન્મ આપ્યો હોય એ માતા,પરવરીશ કરી હોય એ પિતા કે લાડકોડ કરનાર ભાઈ ભગિની જે બધા આપણા હિતેચ્છુ પાત્રો હોય એની સાથે અંતર રાખીને જેની સાથે આંખની ઓળખાણ ના હોય જેને કોઈ દિવસ જોયેલ ના હોય જેનો સ્વભાવ જાણતા ના હોય,જેના માટે આપણા હીત ને બદલે પોતાનો અંગત સ્વાર્થ જ સિધ્ધ કરવો હોય એવા અજાણ્યા પાત્રો સાથે મીડિયા મૈત્રી કરીને એને અંગત બાબતો શેર કરવાથી આપણું ભવિષ્ય જોખમાય છે. ઘણાની જિંદગી બરબાદ થઈ જાય છે. ઘટનાઓ એવી ઘટે છે કે કેટલાય કુટુંબ પરિવારોના માળા વિખાઈ જાય છે.પછી પ્રશ્ન એવો પેચીદો બની જાય છે કે પાછું વળી શકાતું નથી અને આગળ વધવામાં ભવિષ્ય ધૂંધળું ભાસતું હોય છે.

આધુનિક યુગે માણસને અનેક સુવિધાઓ આપી છે, પરંતુ સાથે એકલતા પણ વધારી છે. આજે દરેક વ્યક્તિ પોતાનો અલગ રૂમ, અલગ મોબાઇલ, અલગ દુનિયા અને અલગ વિચારોમાં જીવવા લાગી છે.''મારી પ્રાઈવેસી''ના નામે સંબંધોમાં અંતર વધતું જાય છે. જ્યારે એક સમય એવો હતો કે સંયુક્ત પરિવારમાં એક જ છત નીચે અનેક પેઢીઓ પ્રેમ, સહકાર અને સંસ્કાર સાથે રહેતી હતી.

પ્રાઈવેસી – જરૂરિયાત કે અતિરેક?

પ્રાઈવેસી ખરાબ નથી. દરેક વ્યક્તિને પોતાના વિચારો, સમય અને વ્યક્તિગત જીવનનો અધિકાર છે. પરંતુ જ્યારે પ્રાઈવેસી સંબંધોથી મોટી બની જાય ત્યારે મુશ્કેલીઓ શરૂ થાય છે.ઘરના વડીલની સલાહ કોઈને ગમતી નથી,આપણા હિત માટે સાચો ઠપકો આપનાર પરિવારના પાત્રોની વાત સાંભળવાના બદલે આજે ઘરમાં ચાર સભ્યો હોય છતાં ચારેય અલગ મોબાઈલમાં વ્યસ્ત હોય છે. સાથે બેસવાનો સમય નથી, દિલની વાત કરવાનો સમય નથી.સહનશીલતા ખૂબ ઘટી ગઈ છે.કોઈ કોઈનું સાંભળવા તૈયાર નથી. સૌને પોતાની પ્રાઈવસીને પ્રાથમિકતા આપવી છે. પરિણામે એક જ ઘરમાં રહેતા લોકો પણ એકબીજાથી અજાણ બની રહ્યા છે.એનાથી વિપરીત અજાણ લોકો પર આંધળો ભરોસો મૂકીને આભાસી ઓથ મેળવવાની માયાજાળમાં ફસાઈ જવાય છે. આપણે ત્યાં એક કહેવત છે: ''ઘરની દિવાલો મજબૂત હોવી સારી, પરંતુ દિલોની વચ્ચે દિવાલો ઊભી થાય તો ઘર મકાન બની જાય.''

સમૂહજીવનના ફાયદા

સમૂહજીવન માણસને સહકાર, સહનશીલતા, ત્યાગ અને પ્રેમ શીખવે છે. સંયુક્ત પરિવારમાં બાળકને દાદા-દાદીનો અનુભવ, માતા-પિતાનો પ્રેમ અને ભાઈ-બહેનોનો સાથ મળે છે.મુશ્કેલીના સમયમાં આખો પરિવાર એકબીજાનો આધાર બને છે. ખુશી હોય કે દુઃખ, બધું વહેંચાઈ જાય છે.પોતાની ખુશી માટે નહીં પણ પરિવારના સભ્યોની ખુશી માટેનો સમર્પણ ભાવ કુટુંબ જીવનમાં જોવા મળે છે.એક સમય એવો હતો કે પરિવારના નાના મોટા કોઈપણ સભ્યની કોઈ બીમારી વખતે વડીલો બાધા, માનતા કે કોઈ ટેક રાખતા જેને આધુનિક યુગમાં અંધ શ્રધ્ધા તરીખે જોવામાં આવે છે.હકીકતમાં પધ્ધતિ કે પ્રક્રિયા ભલે યોગ્ય લાગતી ના હોય પણ એનો હેતુ શુધ્ધ પ્રેમની નીતરતો હોય છે.કોઈ પાત્રના સ્વાસ્થ્ય માટે ઘરની વડીલ વ્યક્તિ પોતાને ભાવતી પ્રિય વાનગી કે વસ્તુનો ત્યાગ કરે એ કેટલું મોટું સમર્પણ કહેવાય! એજ ખરું સમુહજીવન છે.ઘરમાં ભલે રાસ રસીલું ઓછું હોય,ટાંચા સાધનો અને ઓછી સગવડતા વચ્ચે પણ જ્યારે પરિવારના સભ્યો એકબીજાના સુખે સુખી અને દુખે દુઃખી રહેતા હોય છે.એ સયુંકત કુટુંબ કે સમૂહ જીવનનો સૌથી મોટો ફાયદો છે. એક કહેવત ખૂબ સુંદર છે:''એક લાકડી સહેલાઈથી તૂટી જાય, પરંતુ લાકડીઓનો ભારો તોડવો મુશ્કેલ બને.''આ જ સમૂહજીવનની તાકાત છે.

એક જૂનું પણ પ્રેરણાદાયક ઉદાહરણ છે કે એક વૃધ્ધ પિતાને ચાર દીકરા હતા. ચારેય હંમેશા ઝઘડતા. એક દિવસ પિતાએ તેમને લાકડીઓનો ભારો આપ્યો અને કહ્યું, ''તોડો.'' કોઈ તોડી શક્યું નહીં. પછી એક-એક લાકડી આપી તો સહેલાઈથી તૂટી ગઈ.પિતાએ સમજાવ્યું: ''જ્યાં સુધી સાથે રહેશો ત્યાં સુધી કોઈ તમને તોડી નહીં શકે. અલગ પડશો તો મુશ્કેલીઓ સામે નબળા પડી જશો.'' આ નાનકડો પાઠ આખા જીવન માટે પૂરતો છે.

પારિવારિક જીવનનું મહત્વ:

પરિવાર માત્ર લોહીનો સંબંધ નથી; તે લાગણીનું આશ્રયસ્થાન છે. જ્યાં પ્રેમ હોય, માફી હોય, સંવાદ હોય અને વિશ્વાસ હોય ત્યાં સુખ આપોઆપ વસે છે.માતા પિતા અને વડીલોને વંદન કરવાથી વેદનું જ્ઞાન આપોઆપ મળી ગયું ગણાય.આજની અમુક આધુનિક માતાઓ તો પોતાના નાના બાળકોને વૃધ્ધ દાદા દાદી પાસે જવા દેવાના બદલે હાથમાં મોબાઈલ આપી દે છે. પછી એ બાળકમાં માનવીય ગુણો, આપણી સંસ્કૃતિ કે આપણા વારસાની વાતો ને બદલે યાંત્રિક ધમાલ અને એકલતાનું બીજારોપણ થાય છે.પ્રાચીન સમયની અમુક માન મર્યાદાઓ,રીત રિવાજો ને આપણા પૂર્વજોએ ધર્મ સાથે એટલે જ જોડ્યા હતા. જેથી પેઢી દર પેઢી સંસ્કારોનો વારસો જળવાઈ રહે. પરંતુ આધુનિકતા ના ઓઠા નીચે આજના યુવાન યુવતીઓ આ બધી બાબતો સુગ સુગ ધરાવે છે ત્યાં કુટુંબ જીવનમાં પ્રશ્નો ઉભા થાય. એના મૂળમાં વિભક્ત કુટુંબ પ્રથા ના કારણે ઘરમાં કોઈ રોકનાર કે ટોકનાર વડીલોની ગેરહજરી જવાબદાર છે.જે ઘર પરિવાર સત્સંગી હોય ત્યાં આજે પણ ફોરેન અભ્યાસ કરતા કે ત્યાં કાયમી વસવાટ કરતા પરિવારોએ મૂળ સંસ્કૃતિ જાળવી રાખી છે. જે ખરેખર ધન્યવાદને પાત્ર છે.એનાથી વિરુધ્ધ જગતની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા દેશના નાના ગામડાઓ કે શહેરોમાં આજે વૃધ્ધાશ્રમોની સંખ્યા વધી રહી છે, બાળકોમાં એકલતા વધી રહી છે અને માનસિક તણાવ સામાન્ય બન્યો છે. તેનું એક મોટું કારણ સંબંધોમાં વધતું અંતર છે. સ્વતંત્ર જીવન શૈલી છે. આ બધાની વચ્ચે સંતુલન જ સાચો માર્ગ : પ્રાઈવેસી રાખવી જરૂરી છે, પરંતુ એટલી નહીં કે પોતાના લોકો જ પારકા બની જાય. વ્યક્તિગત સ્વતંત્રતા અને પારિવારિક જવાબદારી બંને સાથે ચાલે ત્યારે જ સાચું સુખ મળે છે. આધુનિક બનવામાં વાંધો નથી, પરંતુ સંબંધો ગુમાવીને આધુનિક બનવું બુધ્ધિમાની નથી. ઘરની સૌથી મોટી સંપત્તિ પૈસા નહીં, પરંતુ પરિવારનો પ્રેમ, વિશ્વાસ અને એકતા છે.વેદો, ગ્રંથો,ઉપનિષદોનો સાર પણ એજ છે કે કરુણા, સ્નેહ,સહાનુભૂતિ,સહનશીલતા,સદાચાર અને સંતોષ જ જુવાનનું સાચું સુખ છે.માત્ર વ્યક્તિગત સુખ નહીં પણ પારિવારિક સુખની સંકલ્પના માટે માત્ર આધુનિક જીવન શૈલી નહીં પરંતુ સાથે ધર્મ અને પ્રાચીન સંસ્કૃતિનો સમન્વય જ પ્રત્યેક મનુષ્યને સાચા અર્થમાં સુખી બનાવી શકશે. આખું વિશ્વ પણ એક કુટુંબ છે ત્યારે જે દેશોમાં વિજ્ઞાનની સાથે આધ્યાત્મ નો સમન્વય ના હોય ત્યાં યુધ્ધજ થાય અને જ્યા વિજ્ઞાનને આધ્યાત્મનો

આધાર હોય ત્યાં વાટાઘાટો થી યુધ્ધને રોકી શકાય છે.જે બાબત પણ વસુદેવ કુટુંબકમની ભાવનાને સાર્થક કરે છે.

**''પ્રાઈવેસી જીવનને આરામ આપે છે, પરંતુ પરિવાર જીવનને આધાર આપે છે. એકલા જીવવાથી સફળતા મળી શકે, પરંતુ સાથે જીવવાથી જીવનનો સાચો આનંદ મળે છે.'' ''ઘર મોટું હોય તે જરૂરી નથી, દિલ મોટાં હોય તો નાનું ઘર પણ સ્વર્ગ બની જાય.''**

## :: તિખારો ::

**દુનિયા સામે હાથ જોડીને કે ઝુકીને ઇજ્જત માંગવા કરતા લોકોને ભરોસો અને ઇમાનદારીનો સાથ આપીને વ્યક્તિત્વને એટલું મોટું અને મજબૂત બનાવો કે ડરપોક અને જુઠ્ઠા લોકોના બનાવટી ચહેરાઓ ખુલ્લા પડે કારણકે બનાવટી ચહેરાવો પાસે ઈમાનદારી અને ચારિત્રની મુડી હોતી નથી**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતિ કાર્યો

મગફળી પાકમાં મોલો-મશી, લીલી પોપટી તેમજ થ્રીપ્સના જીવાતના અસરકારક અને અર્થક્ષામ નિયંત્રણ નીચેની કોઈ એક દવાનો છંટકાવ કરવો

● ઈમીડાકલોપ્રીડ ૬૦૦ એફએસ ૩ ગ્રામ/ કિલો બીજ અથવા

● થાયોમેથોક્ષામ ૭૦ ડબલ્યુ એસ ૧ ગ્રામ/ કિલો બીજ પ્રમાણે બીજ માવજત

● ડાયમિથોએટ ૩૦ ઈસી ૨ મિલી પ્રતિ લીટર અથવા

● પ્રોફેનોફોસ ૪૦ ટકા સાયપરમેથ્રીન ૪ ટકા ૦.૦૪૪ ટકા (પોલીટ્રીન-૧૦ મિ.લી/૧૦ લી.) અથવા

● થાયોમિથોક્ષામ ૨૫ ડબલ્યુ જી ૦.૦૦૬ ટકા (૨.૪ મિ.લી/૧૦ લી.) અથવા

● ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસ એલ ૦.૦૦૫ ટકા (૨.૮ મિ.લી/૧૦ લી.) અથવા

● મિથાઈલ- ઓ- ડિમેટોન ૨૫ ઈસી ૦.૦૨૫ ટકા (૧૦ મિ.લી/૧૦ લી.)

● પાણીમાં ભેળવી વાવેતર પછી ૧૫ અને ૩૦ દિવસના અંતરે બે છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે. મગફળીના છોડ લોહ તત્વની ઉણપને લીધે પીળા પડી જતા હોય તો ૧૦ લીટર પાણીમાં ૧૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ (હીરાકસી) અને ૧૦ ગ્રામ લીંબુના ફૂલ દ્રાવણ નો છંટકાવ કરવો

● મગફળીના થડ અને ડોડવાના સડાનાં અસરકારક નિયંત્રણ માટે ને ૧૨૫ કી.ગ્રા.દિવેલીના ખોળમાં ભેળવી વાવેતર સમયે ચાસમાં આપવું અને તેટલો જ જથ્થો વાવેતરના એક મહિના પછી થડની પાસે વેરીને આપવો.

**લશ્કરી ઈયળ (પ્રોડેનીયા)** : મિથોમાઈલ ૦.૦૫% (૧૨.૫ ગ્રામ) અથવા કલોરપાયરીફોસ ૦.૦૫% (૨૫ મિ.લિ. ) અથવા ડાયકલોરવોશ ૦.૦૫% (૫ મિ.લિ.) અથવા કવીનાલફોસ ૦.૦૫% (૨૦ મિ.લિ. )અથવા એન્ડોસલ્ફાન ૦.૦૭% (૨૦ મિ.લિ.), ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અથવા મિથાઈલ પેરાથીઓન ૨ ટકા ભૂકી હેકટરે ૨૫ કિલો પ્રમાણે છાંટવી. પુખ્ત ઉંમરની ઈયળ દિવસ દરમ્યાન જમીનમાં સંતાયને રહેતી હોય, તેના નિયંત્રણ માટે ૧૦ કિલો ઘંઉ કે ચોખાના ભુસા સાથ કલોરપાયરીફોસ ૨૦ ટકા ઈસી ૫૦૦ મિ.લિ. દવા અથવા ૨૫૦ ગ્રામ મિથોમાઈલ અથવા ૫૦૦ ગ્રામ કાર્બારીલ અને ૨ કિલો ગોળની રબડી ભેળવી ઝેરી પ્રલોભીકા બનાવી છોડના થડ પાસે છાંટવી.

**કપાસ :**

● ગુલાબી ઈયળનાં નિયંત્રણ માટે કપાસ જ્યારે ૨૫-૩૦ દિવસનો થાય ત્યારે પ્રથમ ડોઝ કેમિકલ દવા ને બદલે જૈવિક દવા જેવીકે બીવેરીયા બાઝીયાના ૧૦૦ગ્રામ /પંપ અથવા એકઝામેક્ટીન ૧૫૦૦ પીપીએમ ૬૦ મિલિ/પંપ નાખી છંટકાવ કરવો

● પાક ૨૦-૨૫ દિવસનો થાય ત્યારે એન્ટોમોપેથોઝીનીક નેમેટોડ (**EPN**) એકર દીઠ **1kg** નું પંપ માં નાખી ડ્રેન્સિંગ કરવાથી ગુલાબી સિવાય અન્ય ઈયળ નો પણ નાશ થાય છે

● થ્રીપ્સ, સફેદમાંખી, તડતડીયાનાં નિયંત્રણ માટે મોજણી અને નિગાહ કરતા આ જીવાતોનુ પ્રમાણ વધારે જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા બ્યુવેરીયાબાસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૬૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. અથવા

● સફેદમાખી અને થ્રીપ્સનો ઉપદ્રવ વધારે જણાય તો એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ટ્રાઈઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિલી અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૩ ગ્રામ અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો

● તીતીઘોડોનાં નિયંત્રણ માટે સાયપરમેથીન ૧૦ ટકા શેઠા પાળા પર છંટકાવ કરવો અથવા ક્લોરપાઈરીફોસ ૪ લીટર રેતી સાથે મિશ્રણ કરી એક હેક્ટરમાં ઉભા પાકમાં પૂંકી દેવું.

**મગફળી :કપાસના પાકમાંથી રસ ચૂસીને નુકશાન કરતી જીવાતો :**

આ ચુસીયા પ્રકારની જીવાતો પાનની નીચેની સપાટીએ રહીને પાનમાંથી રસ ચૂસીને નભે છે. પરિણામે છોડની વૃધ્ધિ પર અસર થાય છે અને ફૂલ, કળી અને જીંડવા પૂરતા પ્રમાણમાં બેસતા નથી, પરિણામે ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

**બાજરીઃ** ● બાજરામાં ૮૦-૪૦-૦ ના.ફો.પો. તથા ઝીંક સલ્ફેટ અને ફેરસ સલ્ફેટ ૨૦ કિલો/હે. આપવું.

● બિયારણનો દર ૫ કિ.ગ્રા. / હે પ્રમાણે રાખવો. પારવણી કરાવી અને ખલા પુરાવા.

**અડદઃ**

● ચણા-મગ તથા અન્ય પાકમાં મૂળખાઈ - સુકારા માટે ટ્રાઈકોર્ડમાં વીરીડી અથવા ટ્રાઈકોર્ડમાં હરજીયાનમ નો ઉપયોગ કરો

**ભૂકીછારો :**

● કોઈપણ પાકમાં આ રોગમાં પાનની સપાટી પર સફેદ પાવડર છાંટયો હોય તેમ અનિયમિત આકારના ધબ્બા જોવા મળે છે. ભૂકીછારા રોગના ચિહનો જોવા મળે કે તુરત જ વેટેબલ સલ્ફર ૫૦ ટકા (૩૦ ગ્રામ/૧૦ લિટર પાણી) અથવા ડીનોકેપ ૪૮ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા ટાઈડેમોર્ફ ૮૦ ઈ.સી. (૫ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા કાર્બેન્ડીઝમ ૫૦ ટકા વેટેબલ પાવડર (૫ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા હેકઝાકોનાઝોલ ૫ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી)નો જરૂર મુજબ છંટકાવ કરવો.

**શાકભાજી :** ગીર સાવજ એમ.ડી.પી. (રીંગણની ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ) (રૂ. ૧૦૦૦/- પ્રતિ ૧૦૦ ગ્રામ ટ્યુબ) ગીર સાવજ એમ.ડી.પી. પેસ્ટ ૩૫ ગ્રામ પ્રતિ વીઘા (એકસરખા ૧૬) ટપકા) અથવા ૪૦૦ ગ્રામ પ્રતિ હેક્ટર મુજબ (એકસરખા ૧૦૦૦ ટપકા) છોડના ઉપરના ભાગથી નીચે બે ડાળીની વચ્ચે ચણાની દાળ જેવડા ટપકા મુકવા. આ પેસ્ટનો ઉપયોગ કપાસની સીઝન દરમ્યાન ફૂલ અવસ્થાથી ૪૦ દિવસના અંતરે ત્રણ વાર કરવો

**બાગાયતઃ કેળઃ**

● ભલામણજાતોઃ ગ્રાન્ડ નાઈન, બરસાઈ, શ્રોમંતિ, લોખંડી, રોબસ્ટા વગેરે



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

અને વાવેતર સમયઃ ૧૫ જુન થી ૧૫ ઓગસ્ટ

● **અંતરઃ** ૧.૮*૧.૮ મી. અથવા ૧*૧.૨*૨.૦મિ.ના જોડિયા હારમાં કેળ સાથે હળદર તેમજ શાકભાજીના આંતરપાક તરીકે લઈ શકાય

● કેળની નેઈન જાત માટે ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૪ કિલો વર્મીકમ્પોસ્ટ, એક સરખા ચાર હપ્તે આપવું. ઉપરાંત ૯૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૦૦ ગ્રામ ફેર રોપણીના ત્રીજા મહિને આપવું.

● ફળ પાકો ઉમર માંનાના હોયત્યારે ખરીફ તેમજરવી ઋતુ શાકભાજી જેવા આંતર પાકો લઈ વધારાની આવક મેળવવી.

**જામફળ :-**

● જામફળનાં ઝાડ દીઠ ૩૭૫-૧૮૮-૧૮૮ ગ્રામ એન.પી.કે. દ્રાવ્ય ખાતર ચાર સરખા હપ્તામાં આપવું.

**આંબાઃ આંબાની ડાળીઓના રોગ :**

**કાળી ડાળીનો રોગ / શ્યામ પ્રકાંડ :-**

● ફૂગથી થતો આ રોગ શરૂઆતમાં કુમળી ડાળીઓ પર અને ત્યારબાદ પરીપકવ ડાળી પર જોવા મળે છે. શરૂઆતમાં ડાળીની ફરતે સફેદ ફૂગનું આવરણ જોવા મળે છે જે સમય જતાં સંપૂર્ણ કાળો રંગ ધારણ કરે છે. ડાળીઓના જોડાણના ભાગે વધુ સ્પષ્ટ રીતે આ ચિહ્નો જોવા મળે છે. પાનની નીચેની બાજુએ મધ્ય શિરા પર પણ આ રોગ જોવા મળે છે. રોગની વધુ તીવ્રતાથી ઝાડની કુમળી ડાળીઓ સુકાઈ જાય છે. જાડી ડાળીઓ ઉપર આવું કાળું આવરણ આખું વર્ષ જોવા મળે છે. ધનિષ્ઠ રોપણી પધ્ધતિથી કરવામાં આવેલ આંબાવાડિયામાં સૂર્યપ્રકાશ ઓછો મળતો હોય તેવા ઝાડમાં, લંગડા જેવા ઘટાદાર ઝાડમાં, નિચાણવાળા નદીકાંઠાના વિસ્તારની વાડીઓમાં રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે. ચોમાસામાં જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન આ રોગનો ફેલાવો ઝડપથી થાય છે.

**નિયંત્રણ** :-આબાંના થડ અને ડાળીઓ ઉપરનાં કાળા ટપકાંઓ કાથી વડે ઘસી નાખીને બોર્ડો પેસ્ટ (૧ કિ.ગ્રા. મોરથુથુ + ૧ કિ.ગ્રા. કળી ચૂનો + ૧૦ લિટર પાણી ) અથવા બોર્ડો મિશ્રણ ૧% (મોરથુથુ ૧૦૦ ગ્રામ + કળી ચૂનો ૧૦૦ ગ્રામ + ૧૦ લિટર પાણી નો છંટકાવ કરવો.

● કોપર ઓકઝીકલોરાઈડ ૫૦% વે.પા. (૪૦ ગ્રામ / ૧૦ લિટર પાણી ) અથવા કાર્બેન્ડેઝીમ ૫૦% વે.પા. (૩૦ ગ્રામ / ૧૦ લિટર પાણી ) નો છંટકવા કરવો. આબામાં નવીનીકરણ અપનાવો તેમાં જુના આંબાની તેની ડાળીઓ દુર કરો.૩ વર્ષમાં કોમર્શિયલ ઉત્પાદન આપતો થશે.




**કેળ - પૈપૈયા :-**

● કેળ-પૈપૈયાની એકાંતરે હાર રોપણી પધ્ધતિ થી વાવેતર કરો.

**પપૈયાઃ** ● પપૈયામાં ૬ કિલો છાણીયું ખાતર, ૧૫૦ ગ્રામ નાઈટ્રોજન, ૨૦૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૫૦ ગ્રામ પોટાશ

છોડ દિઠ રોપણી બાદ બીજા, ત્રીજા અને ચોથા મહિનો એક સરખા હપ્તામાં આપવું.



શક્ય હોય તો જમીનમાં હ્યુમિક એસિડ, સામુદ્રિક સેવાળ અને નીમ ના ગુણો થી ભરપુર (દાણાદાર). ઓર્ગેનિક દવાનો ઉપાયો કરવો જોઈએ તે * ૧૦૦% ઓર્ગેનિક * ૧૦૦% વોટર સોલ્યુબલ * જમીનનાં સ્વાસ્થ્યમાં સુધારે કરે છે * મૂળના વિકાસમાં મદદરૂપ * પ્રાકૃતિક વૃધ્ધિ અને હોર્મોન્સને પ્રોત્સાહન આપે છે * તાણ (**Stress**) સામે રક્ષણ આપે છે જમીન કરે જીવંત, પાક ને આપે પ્રાકૃતિક વિકાસ અને રક્ષક શક્તિ. જમીનમાં રહેલા જીવાણુઓને પોષણ આપે છે પાણીની ધારણ ક્ષમતા વધારે છે. તત્કાલ દ્રાવ્ય થતું નથી, પાણી આપ્યા બાદ ધીમે ધીમે ભળે છે. બધા પ્રકારના પાકો માટે યોગ્ય તેમાં અલવેરી-જી કે તેના જેવી કોઈ પણ નો ઉપયોગ કરી શકો શરૂઆતમાં નાના પાયા ઉપર લઈ પરિણામ મળે તો વધુ ઉપયોગ કરી શકાય.



**પશુપાલનઃ**

● મે માસમાં બાકી રહેલ જાનવરોમાં ગળસુંઢા તથા ગાંઠીયા તાવનું રસીકરણ કરાવી લેવું.

● ખરવા - મોવાસાની દર છ માસે આપવાની થતી રસી અપાવવી.

● જાનવરોને હવા ઉજાસવાળા ઠંડા શેડમાં રાખવા. જેથી ગરમીના સમયે આરામદમયક રોગ માટેની વધારાની રસી મુકાવવી.



**પશુપાલનમાં ચાફ કટરની અગત્યતાઃ**

● પશુઓના નિભાવ માટે આપણે ત્યાં ખેતીની આડ પેદાશો જેવી કે, બાજરી, જુવાર, ડાંગર મકાઈના પૂળા તેમજ ઘઉંનું ભૂસુ, મગફળી તથા ચણા જેવા કઠોળ પાકોનું ગોતર વગેરેનો ઉપયોગ થાય છે.

● ઉનાળાની ઋતુમાં લીલા ચારાની ઘણી અછત હોય છે. તે ઉપરાંત સુકા ચારાના ભાવ પણ આસામને પહોંચે છે.


● આવી પરિસ્થિતીમાં પશુઓ દ્વારા થતો ચારાનો બગાડ આપણને પરવડે તેમ નથી.

● ઉપરોક્ત મસ્યાઓના ઉકેલ માટે આર્થિક રીતે પરવડે એવી અને વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલી સરળ ભૌતિક પધ્દતી ચાફ કટર છે.



● ચાફ કટર અપનાવવાથી પશુ ઉત્પાદન, નિભાવ તેમજ ઉછેર સરળ બની શકે છેઅને ખર્ચમાં પણ ૨૫ – ૩૦ ટકા જેટલો ઘટાડો થાય છે.

# મગફળી નિકાસમાં અડચણરૂપ આફલાટોક્સિન : કારણો, અસર અને સંકલિત વ્યવસ્થાપન



ખેતરના એવા ભાગો જ્યાં પાકને વધુ પાણીની ખેંચ પડી હોય અથવા જ્યાં રોગચાળો વધારે જોવા મળ્યો હોય, તેની કાપણી, સૂકવણી અને સંગ્રહ આખા ખેતરના મુખ્ય જથ્થાથી અલગ રાખવો જોઈએ અને તેનો નિકાલ પણ જુદો કરવો જોઈએ.

● મગફળીઉપાડતી વખતે ડોડવાને યાંત્રિક ઈજા કે નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું. જમીનમાં હળ કે રાંપવધુ ઊંડે ઉતારીને ડોડવાવાળા ભાગમાં મારવાથી મગફળીને નુકસાનથાય છે. કારીયાની રાપને બરાબર એ રીતે ગોઠવો કે જેથી મગફળી ઉપડતી વખતે ડોડવાને ઈજા ન થાય.

● ઉપાડેલા છોડને મગફળીના ડોડવા સાથે નાના-નાના ઢગલામાં ઊંધા રાખીને સૂકવવા એટલે કે પાંદડાં જમીન તરફ અને મગફળીના ડોડવા ઉપર તરફ રહેવા જોઈએ. આનાથી મગફળી ઝડપથી સુકાય છે અને ફૂગ લાગવાનું જોખમ ઘટી જાય છે. પાન અને મગફળીની સૂંઢ (**pegs**) એકદમ કડક (બટકણી) થઈ જાય ત્યાં સુધી તેને સૂકવવા.

● જ્યારે મગફળી હાથથી છુટી પાડવાની થાય ત્યારે અપરિપક્વ ડોડવા અલગ પાડવા. જ્યારેયાંત્રિક રીતે થ્રેસરનો ઉપયોગ કરી મગફળી છુટી કરવાની થાય ત્યારે થ્રેસરની જાળી મગફળીના કદ અને જાત પ્રમાણે યોગ્ય કદના કાણા વાળી રાખવી.

● ફૂગગ્રસ્ત, રંગ બદલાયેલા, વાસી, સડેલા, સંકોચાયેલા તથા જીવાતથી નુકસાન પામેલા ડોડવા અથવા દાણાને અલગ કરી નાખવા.

● સૂકી અવસ્થામાં જ મગફળી ફોલવાની પ્રક્રિયા કરવી અને મગફળીને ફોલતાં પહેલાં ડોડવાને પાણીથી પલાળવાનું ટાળવું.

ડો. ચિરાગકુમાર. એમ. ભાલીયા અને ઉર્જાભીમાણી
વરિષ્ઠ વૈજ્ઞાનિક (વનસ્પતિ રોગશાસ્ત્ર)
૪૧૧, ત્રીજો માળ, પાકસંરક્ષણ વિભાગ,
આઈ. સી. એ. આર.- ભારતીય મગફળી
સંશોધન સંસ્થા, ઇવનગર રોડ
જુનાગઢ-૩૬૨ ૦૧૫
મોઃ ૯૧૦૬૭ ૭૩૮૦૬

● જે મગફળીનાં ડોડવામા યાંત્રિક ઈજા થઈ હોય કે જીવાતો (ઈયળ/ઉધઈ) દ્વારા નુકસાન થયું હોય,તેવા તમામ ડોડવાને મુખ્ય જથ્થામાંથી વીણીને દૂર કરવા.

● મગફળી અને તેની પેદાશોનો સંગ્રહ હંમેશા ઠંડી અને સૂકી જગ્યાએ કરવો.

● મગફળીનો સંગ્રહ સ્વચ્છ પોલિથિન-લાઈનવાળી ગૂણીઓ, **HDPE** અથવા **PICS** બેગમાં કરવો અને તેને લાકડાના અથવા પ્લાસ્ટિકના પાટિયા કે તાડપત્રી ઉપર ગોઠવવી. મગફળીનેપ્લાસ્ટિકનુંઅસ્તર ધરાવતી નવી અથવા એકદમ સાફ શણનીગુણીઓ (કોથળા) માં ભરી રાખવી.

● આ કોથળાઓને સીધા જમીન પર રાખવાને બદલે લાકડાનાપાટિયા પર ગોઠવો અને દીવાલથી આશરે એક મીટર દૂર, સારી હવાઉજાસવાળી અને સુરક્ષિત જગ્યાએ જ રાખવા.

● સંગ્રહસ્થાનની છત મજબૂત અને વરસાદી પાણીના લીકેજથી સુરક્ષિત હોવી જોઈએ, જેથી મગફળી ભેજના સંપર્કમાં ન આવે. સંગ્રહસ્થાનમાં સ્વચ્છતા, સારી હવાની અવરજવર (વેન્ટિલેશન) અને યોગ્ય જાળવણી રાખવી. સંગ્રહકરવાનીજગ્યા (ગોડાઉન) માં ક્યાંય પણ પાણીનું ઝરણ કેલીકે જ નહોવું જોઈએ, કારણ કે તેનાથી ભેજ વધી શકે છે અને ફૂગ લાગી શકે છે.

● સારી અને તંદુરસ્ત મગફળીને ૮% જેટલા સુરક્ષિત ભેજના સ્તર સુધી બરાબર સૂકવવી ત્યારબાદ સંગ્રહ કરવો. મગફળી બરાબર સુકાઈ ગઈ છે કે નહીં તે જાણવા માટે, મુઠ્ઠીમાં મગફળી લઈને હલાવવાથી તેનો ખખડવાનો અવાજ આવવો જોઈએ.

● સંગ્રહ કરેલી મગફળીને જીવાતોના નુકસાનથીબચાવવા માટે ફોસ્ફીન ગેસથી ધૂમીકરણ(ફયુમીગેશન)આપી શકાયઅથવાએલ્યુમિનિયમ ફોસ્ફાઈડની ટીકડીઓ ૧૦ ગ્રામ પ્રતિ૧૦૦૦ કિલો ડોડવા પ્રમાણે ગોઠવયા બાદ રૂમ બરાબર પેક રાખો.

● મગફળીમાં આફલાટોક્સિનનું પ્રમાણ ઘટાડવા માટે બ્લાન્ચીંગ, કેમેરા અથવા લેસર આધારિત વર્ગીકરણ જેવી આધુનિક તકનીકોનો ઉપયોગ કરવો જોઈએ. આ પદ્ધતિઓ દ્વારા દૂષિત, રંગ બદલાયેલા અથવા ફૂગગ્રસ્ત ડોડવા અને દાણાને સરળતાથી અલગ કરી શકાય છે.

● વેક્યુમ પેકિંગ જેવી આધુનિક અને સુધારેલી પેકેજિંગ તકનીકો અપનાવવાથી મગફળી અને તેની પેદાશોને આફલાટોક્સિનનાં ચેપથી બચાવી શકાય છે.

# પાક અવશેષોનો ઉપયોગઃ જમીનની તંદુરસ્તીઅનેખેડૂતોનીસમૃધ્ધિ



પાકના અવશેષો - જેમ કે કાપેલી ડાળીઓ, પાંદડા અને કાપેલા ફળો નો ઉપયોગ આવશ્યક મુખ્ય પોષકતત્વો અને સૂક્ષ્મ પોષકતત્ત્વોનું રિસાયક્લિંગ(પુનઃપ્રક્રિયા) કરીને, માટીના કાર્બનિક પદાર્થોમાં વધારો કરીને અને એકંદર સુક્ષ્મજીવોની પ્રવૃત્તિમાં વધારો કરીને જમીનની ફળદ્રુપતામાં સીધો સુધારો કરે છે. જે પાકની ઉપજમાં નોંધપાત્ર વધારોકરવામાં મદદ કરે છે.લણણી પછી ખેતરમાં રહેલ પાકના અવશેષો, જમીનના સ્વાસ્થ્ય, કાર્બન સંગ્રહ અને ધોવાણ નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કે, બધા અવશેષોને દૂર કરવાથી પાકના અવશેષ વ્યવસ્થાપન સારું થતું નથી, અને વધુ પડતું છોડના અવશેષો પણ યોગ્ય નથી, જે જીવાતો અને રોગોને આશ્રય આપી શકે છે.ફળ પાકના અવશેષો, જેમ કે છાલ, બીજ અને પલ્પ, ખૂબ જ અસરકારક કુદરતી જમીનસુધારક છે. જ્યારે યોગ્ય રીતે વિઘટિત થાય છે, ત્યારે તેઓ કાર્બનિક પદાર્થોમાં વધારો કરીને,સુક્ષ્મ્જીવની પ્રવૃત્તિમાં વધારો કરે અને ધીમે ધીમે નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમ જેવા આવશ્યક મુખ્ય પોષકતત્વો મુક્ત કરીને જમીનની ફળદ્રુપતામાં સુધારો કરે છે. (ક્રમશઃ)

ડો. દેવાંગએન. ખલાસી,
ડો. તૃપ્તિડોડીયા,ધાર્મિકબી. પટોલિયા,
બાગાયતવિભાગ, બં. અ.કૃ.મહાવિદ્યાલય,
આ.કૃ.યુ. આણંદ

# પીએમ મોદીએ ગુજરાતના મંત્રીઓને આપ્યું માર્ગદર્શન, ‘જમીન સાથે જોડાયેલા રહી શાંતિથી કામ કરો’



અમદાવાદ, તા.૦૫

ગુજરાતના સાણંદ ખાતે સેમિકન્ડક્ટર પ્લાન્ટના ઉદ્ઘાટન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ એરપોર્ટ પર રાજ્યના મંત્રીમંડળ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. લગભગ ૪૫ મિનિટ ચાલેલી બેઠકમાં તેમણે મંત્રીઓને વહીવટી કાર્યશૈલી, જનસંપર્ક અને લોકસેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

વડાપ્રધાને જણાવ્યું કે સરકારી યોજનાઓને માત્ર ફોટોગ્રાફી પૂરતી મર્યાદિત રાખવાને બદલે જનહિતના અભિયાન તરીકે અમલમાં મૂકવી જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે બૂમો પાડ્યા કે ગુસ્સો કર્યા વગર પણ અસરકારક રીતે કામ થઈ શકે છે. મંત્રીઓને સત્તાના હોદ્દા છતાં જમીન સાથે જોડાયેલા રહી લોકોની સેવા કરવાની સલાહ પણ આપી હતી.

સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરતાં તેમણે સમગ્ર ગુજરાતને સ્વચ્છતામાં દેશનું અગ્રણી રાજ્ય બનાવવા સંકલ્પબધ્ધ પ્રયાસો કરવાની અપીલ કરી હતી. બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિત મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બે મંત્રીઓ તબિયતના કારણે ગેરહાજર રહ્યા હતા.

# દ્વારકામાં જીએસટી ચોરીના મોટા કૌભાંડનો મોટો પર્દાફાશ, ૭ આરોપીઓ ઝડપાયા




દ્વારકા, તા.૦૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એલસીબી પોલીસે જીએસટી ચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ કરીને સાત આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ વાહનોની ખોટી નંબર પ્લેટ લગાવી અને બોગસ ઈ-વે બિલ બનાવી સરકારને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડતા હતા. પોલીસે કાર્યવાહી દરમિયાન કુલ રૂ. ૫૮.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ચોક્કસ બાતમીના આધારે ઓખા વિસ્તારમાં ગોઠવાયેલા વોચ દરમિયાન પોલીસે સમગ્ર ટોળકીને ઝડપી પાડી હતી. તપાસમાં ખુલ્યું કે આરોપીઓ એકસરખા દેખાતા બે આઈસર ટ્રકનો ઉપયોગ કરતા હતા. એક ટ્રકમાં લોખંડનો સ્ક્રેપ અને બીજા ટ્રકમાં રેતી તથા સિમેન્ટના ચોરસા ભરી તેનું કાયદેસર વજન કરાવ્યા બાદ નંબર પ્લેટ બદલી બોગસ ઈ-વે બિલ તૈયાર કરવામાં આવતું હતું. પોલીસે બે આઈસર ટ્રક, એક સ્કોર્પિયો, એક સ્વિફ્ટ કાર, ૧૧ મોબાઈલ ફોન, રોકડ રકમ અને અંદાજે ૨૮,૭૦૦ કિલો લોખંડનો સ્ક્રેપ જપ્ત કર્યો છે. ઓખા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી સમગ્ર કૌભાંડના નેટવર્ક અને અન્ય સંડોવાયેલા શખ્સોની તપાસ શરૂ કરવામાં આવી છે.

# રથયાત્રા પૂર્વે રાજ્યના તમામ પોલીસ કર્મચારીઓની ૧૦થી ૧૭ જુલાઈ સુધી તમામ રજાઓ કરાઈ રદ

ગાંધીનગર, તા. ૫

અમદાવાદની રથયાત્રાને ધ્યાનમાં રાખીને ગુજરાત પોલીસ તંત્રએ સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યના પોલીસ વડાના આદેશ અનુસાર ૧૦ જુલાઈથી ૧૭ જુલાઈ સુધી રાજ્યના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. માત્ર અત્યંત આવશ્યક અને વિશેષ સંજોગોમાં જ સંબંધિત સત્તાધિકારીની મંજૂરીથી રજા આપવામાં આવશે. પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સીસીટીવી કેમેરા, ડ્રોન અને અન્ય આધુનિક સાધનો દ્વારા સતત નજર રાખવામાં આવશે. સાથે જ નાગરિકોને અફવાઓથી દૂર રહી પોલીસને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# અમેરિકાના ૨૫૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે પીએમ મોદીએ ટ્રમ્પ અને અમેરિકન જનતાને પાઠવી શુભેચ્છા

વોશિંગ્ટન, તા.૦૫





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના ૨૫૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકાની જનતાને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પરના સંદેશમાં તેમણે જણાવ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેનો સંબંધ માત્ર વ્યૂહાત્મક ભાગીદારી પૂરતો મર્યાદિત નથી, પરંતુ લોકશાહી, કાયદાના શાસન અને લોકોની અમર્યાદિત ક્ષમતા જેવી સહિયારી મૂલ્યો પર આધારિત છે. વડાપ્રધાને આશા વ્યક્ત કરી કે આગામી વર્ષોમાં અમેરિકા વધુ સમૃધ્ધિ, શાંતિ અને પ્રગતિના નવા શિખરો સર કરશે અને ભારત-અમેરિકા વચ્ચેની ભાગીદારી વધુ મજબૂત બનશે. બીજી તરફ, અમેરિકામાં ૨૫૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ શહેરોમાં પરેડ, ફટાકડા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને ફ્રાન્સમાં યોજાયેલી જી-૭ સમિટ દરમિયાન વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ પર મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

# પાટણમાં કામધંધા બાબતે ઠપકો આપતાં પુત્રએ પિતાની હત્યા કરી

પાટણ, તા.૦૫

પાટણ જિલ્લાના વારાહી તાલુકાના ગોખાંતર ગામમાં પારિવારિક વિવાદે કરુણ વળાંક લીધો છે. કામધંધો ન કરવા બાબતે પિતાએ ઠપકો આપતાં પુત્રએ પોતાના જ પિતાની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે.

મૃતકની ઓળખ ૫૦ વર્ષીય જમાલશા ફકીર તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીના થોડા સમય પહેલાં જ લગ્ન થયા હતા, પરંતુ તે કોઈ કામધંધો કરતો ન હોવાથી પિતા વારંવાર તેને સમજાવતા હતા. આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં પુત્રએ પિતા પર જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

ઘટનાની જાણ થતાં વારાહી પોલીસ સ્થળ પર પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે હત્યાનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ નજીક નર્મદા કેનાલમાંથી બે અજાણ્યા મૃતદેહ મળી આવ્યા

**યુવકોના મોત અકસ્માતે છે કે આપઘાત તે અંગે પોલીસે તપાસ શરૂ કરી**




અમદાવાદ,તા.૦૫

અમદાવાદની બહારથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક જ દિવસમાં બે અલગ-અલગ સ્થળેથી બે અજાણ્યા યુવકોના મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી છે. પહેલો મૃતદેહ જમીયતપુરા ગામની હદ નજીક જ્યારે બીજો ખોરજ ગામ પાસે કેનાલમાંથી મળી આવ્યો હતો. સ્થાનિકોએ પાણીબમાં મૃતદેહ તરતા જોવા મળતા પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ અને સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. હાલ બંનેની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. યુવકોના મોત અકસ્માતે ડૂબી જવાથી થયા છે, આત્મહત્યા છે કે અન્ય કોઈ કારણ છે તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે.

# વડોદરાના ડભોઈમાં મગર પત્ની અને બાળકો સામે ખેતમજૂરને નદીમાં ખેંચી જતાં મોત

વડોદરા, તા.૦૫



વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના પારા ગામે મગરના હુમલામાં એક ખેતમજૂરનું કરુણ મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી છે. બજારિયાભાઈ નશરૂભાઈ નાયક પોતાની પત્ની અને બે બાળકો સાથે નદીકાંઠે ગયા હતા. પરિવાર કિનારે બેઠો હતો ત્યારે તેઓ નદીમાં નાહવા ઉતર્યા હતા. એ દરમિયાન પાણીમાં રહેલા મગરે તેમના પર અચાનક હુમલો કરીને તેમને ઊંડા પાણીમાં ખેંચી ગયા હતા. પત્નીએ બૂમાબૂમ કરતાં આસપાસના ગ્રામજનો દોડી આવ્યા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત છતાં યુવકને બચાવી શકાયા નહોતા. બાદમાં ગ્રામજનોએ મગરના મુખમાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો. ઘટનાની જાણ થતાં ચાંદોદ પોલીસ અને ડભોઈ વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન નદીકાંઠાના વિસ્તારોમાં મગરોના વધતા જોખમને પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# લીલીયાના બવાડી ગામે પૂરના કારણે ખેતરની ઓરડી પર આઠ લોકો ફસાયા

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદને કારણે ખોડીયાર ડેમના નવ દરવાજા ખોલવામાં આવ્યા છે. આના લીધે શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવતા લીલીયા તાલુકાના બવાડી ગામે આવેલી અરવિંદભાઈની વાડીમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. વાડીમાં ખેતીકામ કરતા જીતેન્દ્રસિંહ અને તેમનો પરિવાર પૂરના પાણી વધતા મુશ્કેલીમાં મુકાયા હતા. જોતજોતામાં ખેતરમાં સાતથી આઠ ફૂટ જેટલા પાણી ફરી વળતા, પરિવારે જીવ બચાવવા માટે ત્યાં આવેલી ઓરડીની અગાસી પર આશરો લેવો પડ્યો હતો. અગાસી પર ફસાયેલા આ આઠ લોકોમાં બે પુરુષ, બે સ્ત્રી અને ચાર બાળકો જેમા એક તો સવા માસના બાળકનો સમાવેશ થાય છે. આ ઘટનાની જાણ થતાં જ મામલતદાર, ટીડીઓ સહિતનું વહીવટી તંત્ર ફસાયેલા લોકોને બચાવવા માટે ઘટનાસ્થળે દોડી ગયું હતું.

જો કે, રાત્રિનું અંધારું અને નદીમાં પૂરનો પ્રવાહ ભારે હોવાના કારણે રાત દરમિયાન આ પરિવારનું રેસ્ક્યૂ કરી શકાયું ન હતું.

# લીલીયા પંથકમાં ભારે વરસાદ : ગોઢાવદરમાં આંબેડકર વિસ્તારનાં ઘરમાં પાણી ઘૂસ્યા

ગોઢાવદર,તા.૦૫


તસવીર : ભરત વિંઝુડા

લીલીયા શહેર સહિત ખારાપાટ પંથકમાં ત્રણ કલાકમાં સાડા ચાર ઇંચ વરસાદ ખાબક્યો છે. આનાથી નાવલી અને ખારી નદીમાં પૂર આવતાં નીચાણવાળી દુકાનો અને કેબિનોમાં પાણી ફરી વળ્યા હતા, જેથી નાના વેપારીઓને નુકસાન થયું છે. ગોઢાવદર ગામે આંબેડકર વિસ્તારમાં રહેણાંક ઘરમાં પાણી ઘૂસ્યા હતા. મામલતદાર કચેરી, પોલીસ સ્ટેશન અને વિવેકાનંદ સોસાયટી જેવા વિસ્તારો જળબંબોળ થતાં પાણીના નિકાલની તાબડતોડ વ્યવસ્થા કરી હતી. મેઘમહેરથી ખેડૂતોમાં ખુશી વ્યાપી છે.

# બગસરામાં ૫.૫ ઈંચ વરસાદ: નદીઓમાં પૂર, નીચાણવાળા વિસ્તારો અને ઝૂંપડપટ્ટી પાણીમાં ગરકાવ

બગસરા,તા.૦૫


તસવીર : હાર્દિક બામટા

બગસરા પંથકમાં ગઈકાલ રાતથી સાંજ સુધીમાં ૧૩૬ મિલીમીટર જેટલો ભારે વરસાદ ખાબક્યો છે. આના લીધે સ્થાનિક નદીઓ અને વોકળાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદથી જગતનો તાત ખુશ છે, પરંતુ નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઊડ્યા છે. શહેરના નીચાણવાળા વિસ્તારો જેવા કે શાક માર્કેટ, કુકાવાવ નાકા અને હોસ્પિટલ રોડ પર ગોઠણસમા પાણી ભરાયા હતા. બગસરા-ડેરી પીપરીયા બાયપાસ પાસે આવેલી ઝૂંપડપટ્ટીમાં પાણી ઘૂસી જતાં લોકો માથા પર ઘરવખરીના પોટલાં લઈને બહાર નીકળવા મજબૂર બન્યા હતા. બીજી તરફ, બગસરાની જીવાદોરી સમાન મૂંજીયાસાર ડેમમાં ૧૪ MCFT પાણીની નવી આવક થતાં, તેની સપાટી ૬ ફૂટથી વધીને ૮.૫૦ ફૂટે પહોંચી છે.

# ધોરાજીની શફુરા નદીમાં કેમિકલ વાળું પાણી છોડાતા પાણી પ્રદૂષિત બન્યું



ધોરાજી,તા.૦૫

ધોરાજી શહેરમાં પંચનાથ મહાદેવ મંદિર નજીકથી પસાર થતી શફુરા નદીમાં પ્રદૂષણ જોવા મળી રહ્યું છે. સતત વરસાદ વચ્ચે નદીમાં પાણીની આવક વધી હોવા છતાં પાણીની ઉપર સફેદ બરફ જેવી જાડી ફીણની ચાદર છવાઈ જતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષની લાગણી ફેલાઈ છે. છેલ્લા બે દિવસથી ધોરાજી પંથકમાં મેઘરાજાએ ધોધમાર વરસાદ વરસાવ્યો છે, જેના કારણે નદી-નાળા, ચેકડેમ અને જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. પરંતુ કુદરતી પાણીની સાથે નદીમાં કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી ભળ્યું હોવાની આશંકા વચ્ચે શફુરા નદીનું રૂપ બદલાઈ ગયું છે. નદીના અનેક વિસ્તારોમાં સફેદ ફીણના ગોટેગોટા ઊડતા જોવા મળ્યા હતા. હવાના કારણે ફીણ દૂર સુધી ફેલાતાં લોકોમાં ચિંતા વ્યાપી ગઈ હતી.

સ્થાનિકોનું માનવું છે કે, આ સ્થિતિ કુદરતી નહીં પરંતુ ઔદ્યોગિક પ્રદૂષણનું પરિણામ હોઈ શકે છે. આ મુદ્દે ધોરાજી-ઉપલેટાના પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ વસોયાએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું કે, ‘કેમિકલ માફિયાઓએ શફુરા નદીને પણ પોતાની ઝેરી પ્રવૃત્તિઓનું નિશાન બનાવી છે. વરસાદની આડમાં પ્રદૂષિત કેમિકલયુક્ત પાણી નદીઓમાં છોડવાની ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલુ છે.’

# ગોંડલમાં નવા બ્રિજના કામ માટે દબાણો દૂર, ૧૨ જેટલા કાચા-પાકા મકાનોનું ડિમોલિશન

ગોંડલ,તા.૦૫



તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલમાં ગોંડલી નદી પર બની રહેલા નવા બ્રિજની કામગીરીને આગળ વધારવા માટે નગરપાલિકા દ્વારા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન આશરે ૧૨ જેટલા કાચા-પાકા મકાનો તેમજ ભંગારના ડેલાઓ દૂર કરવામાં આવ્યા હતા. નગરપાલિકા તંત્રના જણાવ્યા મુજબ અગાઉ બે વખત નોટિસ આપવામાં આવી હતી તેમજ અનેક વખત રૂબરૂ સમજાવટ પણ કરવામાં આવી હતી, છતાં જગ્યા ખાલી ન કરાતા કાર્યવાહી કરવી પડી હતી. હાલ બ્રિજની બંને બાજુ આશરે ૭૦ મીટર જેટલું દબાણ દૂર કરવામાં આવ્યું છે, જ્યારે બાકીની કાર્યવાહી ચોમાસા બાદ કરવામાં આવશે. ચીફ ઓફિસર એ.જે. વ્યાસના માર્ગદર્શન હેઠળ ટીમે કાર્યવાહી પૂર્ણ કરી હતી. સ્થળ પર પાલિકાના આગેવાનો પણ હાજર રહ્યા હતા. નગરપાલિકાએ જણાવ્યું છે કે ડિમોલિશનથી બેઘર બનેલા પરિવારો માટે આશ્રયની જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે. બીજી તરફ દેવીપૂજક સમાજના આગેવાન રવિ સોલંકીએ આ કાર્યવાહીથી ગરીબ પરિવારો મુશ્કેલીમાં મુકાયા હોવાનો આક્ષેપ કરી જવાબદારો સામે નારાજગી વ્યક્ત કરી હતી.

## ભારે વરસાદને કારણે અનેક માર્ગો બંધ થતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા

# અમરેલી જિલ્લામાં ભારે મેઘ ખાંગા : રાજુલા-ખાંભા જળબંબોળ

### વરસાદના પાણી ઘરોમાં ઘુસી જતા અનેક લોકોનું રેસક્યૂ, અમરેલીના ખારાપાટ વિસ્તારમાં ૧૦ ઈંચ વરસાદ પડ્યો હોવાનો વાવડ

અમરેલી,તા.૦૫

રાજુલા અને ખાંભા પંથકમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તાર જળબંબાકાર બની ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ખાંભા ગ્રામ્ય વિસ્તાર અને રાજુલા પંથકમાં ૧૨ ઈંચથી વધુ તોફાની વરસાદ વરસતાં અનેક ગામોમાં પાણી ફરી વળ્યા છે. ભારે વરસાદને કારણે ધાતરવડી અને રાયડી ડેમમાં પાણીની જંગી આવક થઈ છે અને બંને ડેમ ઓવરફ્લો થતાં પ્રશાસન દ્વારા ૧૧થી વધુ ગામોને હાઈએલર્ટ પર મૂકવામાં આવ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સતત સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે અને નદી-નાળા નજીક ન જવા માટે અપીલ કરવામાં આવી રહી છે.ખાંભા ગ્રામ્ય વિસ્તારમાં માત્ર થોડા કલાકોમાં જ ૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો જ્યારે સમગ્ર પંથકમાં કુલ ૧૨ ઈંચથી વધુ વરસાદ પડતાં ચારે તરફ પાણી જ પાણી જોવા મળ્યું હતું. ભારે વરસાદના કારણે ચોટીલા-ખાંભાથી નાગેશ્રીને જોડતો નેશનલ હાઈવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. રાણીગપરા ગામ નજીક કૂતરાખાણ પાસે પુલનું કામ ચાલતું હોવાથી બનાવવામાં આવેલ કામચલાઉ ડાઈવર્ઝન પૂરના પ્રચંડ પ્રવાહમાં ધોવાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. અનેક વાહનો રસ્તા પર અટવાઈ પડ્યા હતા અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.જયારે અમરેલીના ખારાપાટ વિસ્તારમાં ૧૦ ઈંચ વરસાદ પડ્યો હોવાના સમાચાર પ્રાપ્ર થયા છે. ધારીમાં ૯ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ પાસે આવેલી રાયડી સિંચાઈ યોજનામાં ઉપરવાસમાંથી સતત પાણીની આવક થઈ રહી છે. સ્થિતિ ગંભીર બનતાં ડેમના ૮ દરવાજા એકસાથે ૧૦ ફૂટ સુધી ખોલી દેવામાં આવ્યા છે. હાલમાં ડેમમાંથી ૪૮,૩૨૮ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ઉપરવાસમાં હજુ પણ ભારે વરસાદ ચાલુ હોવાથી પાણીની આવક વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને મોટા બારમણ, નાના બારમણ, ચોતરા, નાગેશ્રી અને મીઠાપર સહિતના ગામોના લોકોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ વ્યક્તિએ નદી, નાળા કે વહેતા પાણીમાં પ્રવેશ ન કરવા માટે તંત્ર દ્વારા કડક અપીલ કરવામાં આવી છે. પૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે સ્થાનિક ધારાસભ્ય હીરા સોલંકીએ વીડિયો જાહેર કરીને સરકારી મદદ પહોંચે તે પહેલાં સ્થાનિક તરવૈયાઓને બચાવ કામગીરીમાં જોડાવા હાકલ કરી હતી. ત્યારબાદ તેઓ તાત્કાલિક ભેરાઈ વિસ્તારની મુલાકાતે પહોંચ્યા હતા. સ્થળ પર પહોંચીને તેમણે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને પૂરના ધસમસતા પાણીમાં ઉતરી સ્થાનિકોની મદદ સાથે ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા માટે ચાલી રહેલી બચાવ કામગીરીમાં સક્રિય ભાગ લીધો હતો. તેમની હાજરીથી સ્થાનિકોમાં હિંમત અને વિશ્વાસ જોવા મળ્યો હતો.બીજી તરફ અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે પીપાવાવ પોર્ટ ફોરવે હાઈવે પર પણ વરસાદી પાણીનો પ્રચંડ પ્રવાહ ફરી વળ્યો હતો. પોર્ટ તરફ જતો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થઈ જતાં નાના-મોટા વાહનો તેમજ ટ્રાન્સપોર્ટના કન્ટેનરો રસ્તામાં જ અટવાઈ પડ્યા હતા. પરિણામે પોર્ટ તરફનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. પરિસ્થિતિ વધુ વિકટ ન બને તે માટે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જેસીબી મશીનોની મદદથી ફોરવે માર્ગને વચ્ચેથી તોડીને પાણીના ઝડપી નિકાલની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. સમગ્ર રાજુલા અને ખાંભા પંથકમાં ભારે વરસાદને કારણે લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે અને પ્રશાસન સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

### જાફરાબાદના ધારાબંદર ગામમાં પૂરની સ્થિતિ

જાફરાબાદ તાલુકાના ધારાબંદર ગામમાં ભારે વરસાદને કારણે પૂરની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ગામના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જળબંબાકાર જેવી સ્થિતિ વચ્ચે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તાત્કાલિક ગામે પહોંચ્યા હતા અને જાતે પાણીમાં ઉતરીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે ગ્રામજનો સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓની માહિતી મેળવી હતી. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્રને તાત્કાલિક એલર્ટ કરવામાં આવ્યું છે. તેમજ પૂરથી પ્રભાવિત અને ફસાયેલા લોકોને ઝડપથી સુરક્ષિત સ્થળે ખસેડી જરૂરી તમામ મદદ પહોંચાડવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.



### બાબાપુર નજીક ખેતરો બેટમાં ફેરવાયા

અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત અને ભારે વરસાદ વરસી રહ્યો છે. બગસરાથી લઈને ગાવડકા સુધી અનેક વિસ્તારોમાં અનરાધાર વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને બાબાપુર ગામ નજીક ધોધમાર વરસાદને કારણે ખેતરોમાં મોટી માત્રામાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે અનેક ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા ખેડૂતોની ચિંતા વધી છે. ભારે વરસાદના કારણે મુખ્ય માર્ગો પર પણ પાણી ફરી વળતાં વાહનચાલકોને અવરજવર દરમિયાન ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સતત વરસી રહેલા વરસાદને કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે અને લોકો સાવચેતી રાખી જરૂરી કામ સિવાય બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી રહી છે.

### ખોડીયાર ડેમના ૯ દરવાજા ખોલાયા

ધારી પંથકમાં પડેલા પડેલા ભારે વરસાદને કારણે અમરેલીનો જીવાદોરી સમાન ખોડીયાર ડેમના ૯ દરવાજા ખોલવામાં આવ્યા છે. ખોડીયાર ડેમના દરવાજા ખોલવામાં આવતા ડેમની નીચે આવતા તમામ ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા છે તો ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે આવેલી રાયડી સિંચાઈ યોજનામાં ઉપરવાસમાં સતત પડી રહેલા ભારે વરસાદના કારણે પાણીની જોરદાર આવક થઈ રહી છે. વધતી જતી આવકને ધ્યાનમાં રાખીને ડેમના ૮ દરવાજા એકસાથે ૧૦ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. હાલમાં ડેમમાંથી ૪૮,૩૨૮ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ઉપરવાસમાં વરસાદ યથાવત રહેતા આગામી કલાકોમાં પાણીની આવક અને જળસ્તર વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રશાસને મોટા બારમણ, નાના બારમણ, ચોતરા, નાગેશ્રી અને મીઠાપર ગામના લોકોને ખાસ સાવચેત રહેવા સૂચના આપી છે.



### સા.કુંડલાના હનુમાનજી આશ્રમ નજીક આવેલા ચેકડેમના પાળો તૂટ્યો

સાવરકુંડલા પંથકમાં છેલ્લા ૨૪ કલાકથી વરસી રહેલા અનરાધાર વરસાદના કારણે સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થયો છે. મેઘરાજાના રૌદ્ર સ્વરૂપ વચ્ચે શહેરની જીવાદોરી સમાન નાવલી નદી બંને કાંઠે ગાંડીતૂર બનીને વહી રહી છે. પૂરના પ્રચંડ પ્રવાહના કારણે તાત્કાલિક હનુમાનજી આશ્રમ નજીક આવેલા ચેકડેમના પાળાને ભારે નુકસાન પહોંચ્યું છે અને પાળો તૂટી જતાં સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. ડેમમાંથી પાણીનો પ્રવાહ વધતા આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળવાની ભીતિ ઉભી થઈ છે. ઘટનાની જાણ થતાં વહીવટી તંત્ર તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. નદી કિનારાના તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા, બિનજરૂરી બહાર ન નીકળવા અને જરૂરી હોય ત્યાં સલામત સ્થળે ખસી જવા અપીલ કરવામાં આવી છે. સતત વરસી રહેલા વરસાદને કારણે પૂરનું જોખમ હજુ પણ યથાવત હોવાથી તંત્ર એલર્ટ સ્થિતિમાં છે.



### સા.કુંડલા નજીક ગાડીમાં ફસાયેલ લોકોનું રેસક્યૂ

અમરેલી ફાયર કંટ્રોલ રૂમને ટેલિફોનિક જાણ મળી હતી કે સાવરકુંડલાના કેરાળા અને જુના સાવર વચ્ચે આવેલા કોઝવે પર પાણીના ઘસમસતા પ્રવાહમાં ઈકો કાર સહિત સાત લોકો ફસાઈ ગયા છે. જાણ મળતા જ ફાયર ઓફિસર એસ.સી. ગઢવીની આગેવાની હેઠળ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ભારે વરસાદ અને તેજ પાણીના પ્રવાહ વચ્ચે સતત ત્રણ કલાક સુધી રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર ટીમે બહાદુરી અને કુશળતા સાથે તમામ સાત લોકોને સલામત રીતે બહાર કાઢી બચાવી લીધા હતા.



### અમરેલી-સાવરકુંડલાનો માર્ગ તૂટ્યો,વાહનવ્યહાર ઠપ્પ

અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. અમરેલી-સાવરકુંડલા મુખ્ય માર્ગ ઓળીયા પાસે વરસાદી પાણીના જોરદાર પ્રવાહને કારણે રસ્તો અચાનક તૂટી જતાં તેના બે ભાગ થઈ ગયા હતા. રોડની વચ્ચેથી ધસમસતું પાણી પસાર થતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. ઘટનાના પગલે બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી હતી અને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.ઘટનાની જાણ થતાં તંત્રના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. માર્ગની મરામત અને સલામતી માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



### વરસાદને કારણે સા.કુંડલા-રાજુલા હાઈ વે બંધ

અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા અતિભારે વરસાદને કારણે રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. થોરડી બાયપાસ પાસે નાળાનું કામ ચાલી રહ્યું હોવાથી વરસાદી પાણીનો ભારે પ્રવાહ રસ્તા પર ફરી વળ્યો છે, જેના કારણે માર્ગ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. અનેક સ્થળોએ પાણી ભરાતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રે રાજુલાથી અમરેલી, રાજકોટ સહિતના વિસ્તારો તરફ જતાં તમામ વાહનચાલકોને હાલ આ માર્ગનો ઉપયોગ ન કરવા અને વૈકલ્પિક રસ્તો પસંદ કરવાની અપીલ કરી છે. તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.



| ક્યાં કેટલો વરસાદ રાતના ૮ વાગ્યા સુધીના આંકડા | |
|---|---|
| તાલુકો | મીમી |
| વડીયા | ૩૨ |
| બાબરા | ૦૪ |
| લાઠી | ૧૦ |
| લીલીયા | ૧૦૭ |
| અમરેલી | ૫૧ |
| બગસરા | ૧૦૬ |
| ધારી | ૨૩૪ |
| સા.કુંડલા | ૧૧૩ |
| ખાંભા | ૧૫૪ |
| જાફરાબાદ | ૧૦૭ |
| રાજુલા | ૨૫૦ |




### લીલીયા તાલુકામાં ભારે વરસાદથી નાવલી નદી બે કાંઠે વહી, તળાવો ભરાયા

લીલીયા તાલુકામાં મેઘરાજાની ભવ્ય મહેરબાની થતાં સર્વત્ર ખુશીનો માહોલ છે. તાલુકાના લીલીયા પ્રોપર સહિતના અનેક ગામોમાં ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા માટે તળાવોમાંથી માટી કાઢીને ઊંડા કરવામાં આવ્યા હતા, જે ચાલુ સીઝનના પ્રથમ ભારે વરસાદમાં જ સંપૂર્ણ પાણીથી છલકાયા છે. વિસ્તારમાં અંદાજીત ૫ થી ૭ ઈંચ જેટલો નોંધપાત્ર વરસાદ ખાબક્યો છે, જેના કારણે સ્થાનિક નાવલી નદી બે કાંઠે વહી રહી છે. નાવલી નદી બે કાંઠે વહેતા નદીના કાંઠે આવેલી દુકાનોમાં પાણી ઘુસ્યા છે. દુકાનો પાણી ઘુસતા દુકાનદારોને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. વરસાદને કારણે ખેતરો પાણીથી રસતરબોળ થયા હતા. સમગ્ર પંથકમાં સચરાચર વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

# અમરેલી જિલ્લા સહિત રાજયમાં હજુ પાંચ દિવસ ભારે વરસાદની વકી

અમદાવાદ,તા.૦૫

ગુજરાત અને આસપાસના રાજ્યોમાં સર્જાયેલી અનુકૂળ હવામાન પરિસ્થિતિના કારણે આગામી પાંચ દિવસ રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આજે અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આજે તેમજ આવતીકાલે વરસાદી



માહોલ રહેવાની સંભાવના છે. આગામી ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં પણ ભારે વરસાદ વરસી શકે છે. વરસાદની સાથે વીજળી પડવાની શક્યતા હોવાથી લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને આગામી પાંચ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. રાજ્યના અનેક બંદરો પર ત્રણ નંબરના ભયસૂચક સિગ્નલ લગાવવામાં આવ્યા છે.

# ગીર સોમનાથ જિલ્લાના ગાંગડા ગામે પાળો તૂટતા ૨૫૦ લોકોનું રેસક્યૂ

વેરાવળ,તા.૦૫

ગીર સોમનાથ જિલ્લાના ગાંગડા ગામમાં ભારે વરસાદના કારણે રૂપેણ નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. ગત રાત્રે આશરે એક વાગ્યે ગામ નજીક આવેલી રૂપેણ નદીનો પાળો તૂટી જતાં નદીનું પાણી નવા પ્લોટ વિસ્તાર તેમજ નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી ગયું હતું. પાણી ઘરોમાં ફરી વળતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં વહીવટી તંત્રે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, પોલીસ વિભાગ અને એસડીઆરએફની ટીમે સંયુક્ત રીતે બચાવ કામગીરી શરૂ કરી હતી. ગાંગડા પ્રાથમિક શાળા



અને બાપાસિતારામ આશ્રમ ખાતે રાહત કેમ્પ ઉભા કરીને આશરે ૨૫૦ જેટલા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. તેમાં ૧૧૫ જેટલા લોકોને રહેવા, જમવા અને સુવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સતત વરસાદને કારણે સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ જતાં તંત્ર એલર્ટ બન્યું છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. ગ્રામજનોને પણ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

25 વર્ષથી આપનો વિશ્વાસુ જ્વેલર
ઉત્તમ કારીગરી • સર્ટીફાઇડ જ્વેલરી • પારદર્શી વ્યવહાર
સોનું ઝાડ પર નથી ઉગતું !




MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
ટાવર રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvangold.in